Website : www.rakhewaldaily.com Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૫
તા.૦૨-૦૩-૨૦૧૭, ગુરૂવાર
સંવત ૨૦૭૩ ફાગણ સુદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૦૨ સૂર્યાસ્ત : ૦૬:૪૨

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૫.૪ | વડોદરા | ૩૭.૧ |
| અમદાવાદ | ૩૬ | સુરત | ૩૫.૬ |
| ગાંધીનગર | ૩૬.૫ | નલિયા | ૩૨.૨ |

ચાંદી : ૪૩૦૦૦ સોનું : ૨૯૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ

પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૧ વર્ષ...

# હાર્વર્ડવાળાને હાર્ડવર્કવાળાએ પછાડી દીધા : મોદી

## મહારાજગંજની ચૂંટણી રેલીમાં મોદી અસલ રંગમાં દેખાયા : પ્રથમ પાંચ તબક્કામાં ભાજપને બહુમતી મળી ચુકી છે હવે માત્ર બોનસની જરૂર છે : લોકો તમામનો સફાયો કરી ચુકયા છે : નરેન્દ્ર મોદીએ દાવો કર્યો

દેવરીયા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નોટબંધી બાદ જીડીપીના સંદર્ભમાં આંકડાઓને લઈને વિરોધીઓ દ્વારા કરવામાં આવી રહેલા પ્રહારોનો આજે જોરદાર જવાબ આપ્યો હતો. મોદીએ ખોટા પ્રચાર કરવા બદલ વિરોધીઓને જવાબ આપતા કહ્યું હતું કે દેશના ઈમાનદાર લોકો, ખેડૂતો અને યુવાનોએ જીડીપીના સુધાર મારફતે હાર્વર્ડ (યુનિવર્સિટી) અને હાર્ડવર્ક (સખત પરિશ્રમ)વાળાની વિચારધારા વચ્ચે અંતર હવે દેખાઈ આવે છે. મોદીએ કહ્યું હતું કે જીડીપીના આંકડાઓ હાર્વર્ડ હાર્ડવર્કવાળાઓની વિચારધારામાં અંતર દર્શાવી દીધું છે. મોદીએ અહીં ભાજપના ઉમેદવારોના સમર્થનમાં આયોજિત રેલીમાં વિરોધ પક્ષો ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. મહારાજગંજની ચૂંટણી રેલીમાં મોદી અસલ અંદાજમાં દેખાયા હતા. સાથે સાથે આગામી બે તબક્કામાં ભાજપ માટે ચૂંટણી બોનસ આપવાની માંગ કરી હતી. તેમણે કહ્યું હતું કે પાંચ તબક્કામાં થયેલા મતદાનમાં ભાજપને બહુમતી મળી ચુકી છે અને આગામી બે તબક્કામાં હવે બોનસની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે લોકોએ પાંચ તબક્કાનો હિસાબ લગાવી લીધો છે. તેમના બચવાની હવે કોઈ શક્યતા નથી. ઉત્તરપ્રદેશની જનતા લૂંટનાર લોકોને બોધપાઠ ભણાવી ચુકી છે. ૧૫ વર્ષ જૂનો ગુસ્સો હવે ઉતારી રહી છે. મોદીએ ત્યારબાદ શાકભાજીવાળા અને દુધવાળાના દાખલા આપતા કહ્યું હતું કે જયારે અમે શાકભાજી અને દુધ ખરીદવા માટે જઈએ છે ત્યારે થોડાક પ્રમાણમાં મરચા અને દુધની માંગ કરીએ છીએ ત્યારે તે કોઈપણ હિસાબ લગાવ્યા વગર બોનસ અને ગિફ્ટના રૂપમાં આપી દે છે. મોદીએ કહ્યું હતું કે ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં પાંચ તબક્કામાં ભાજપને જીત મળી ચુકી છે. હવે છઠ્ઠા અને સાતમાં તબક્કામાં બોનસની જરૂર છે. મોદીએ પૂર્વની યુપીએ સરકાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે અર્થવ્યવસ્થાને સુધારવાના મામલામાં હાર્વ-ર્ડવાળાને હાર્ડવર્કવાળાઓએ પછડાટ આપી દીધી છે. મોદીએ જીડીપીના નવા આંકડાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે નોટબંધી છતા અર્થવ્યવસ્થાની ગતિ ધીમી પડી નથી જે સાબિતી આપે છે કે એનડીએ સરકારમાં નોટબંધીનો નિર્ણય યોગ્ય સાબિત થયો છે. જીડીપી આ નિર્ણયને યોગ્ય સાબિત ઠેરવે છે. મોદીએ કહ્યું હતું કે એકબાજુ એવા લોકો છે જે હાર્વર્ડની વાત કરે છે અને એક તરફ આ ગરીબ પુત્ર છે જે હાર્ડવર્કથી દેશની અર્થવ્યવસ્થામાં બદલાવ લાવવા માટે ઈચ્છુક છે.

## નકામા સંસદસભ્યો અને વિધાનસભ્યોની હકાલપટ્ટી માટેનો ખાનગી ખરડો રજૂ

### ચૂંટાયાના બે વર્ષ પછી ૭૫ ટકા જનતા ખુશ નહીં હોય તો આવી બનશે

નવી દિલ્હી તા. ૧ : ભાજપના સંસદસભ્ય વરુણ ગાંધીએ લોકસભામાં ખાનગી બિલ રજૂ કરીને એવો પ્રસ્તાવ મૂકયો છે કે ચૂંટાયાનાં બે વર્ષ બાદ સંસદસભ્યો અને વિધાનસભ્યોના મતદાર વિસ્તારની જનતાના ૭૫ ટકા લોકો તેમના કાર્યથી સંતુષ્ટ ન હોય તો સંબંધિત સંસદસભ્ય અને વિધાનસભ્યનું પદ પાછું ખેંચી લેવામાં આવે. ઞઆ બિલ લોકસભામાં રજૂ કરતાં વરુણ ગાંધીએ કહ્યું હતું કે 'જો જનતા તેમના પ્રતિનિધિઓથી સંતુષ્ટ ન હોય તો તર્ક અને ન્યાયનો તકાજો છે કે જયારે તેમણે ચૂંટેલા પ્રતિનિધિઓ ગોરખધંધા કરે અથવા તેમની ફરજો નિભાવવામાં નિષ્ફળ જાય તો જનતા પાસે સત્તા હોવી જોઈએ કે આવા લોકપ્રતિનિધિઓને તેમના પદ પરથી હટાવી શકે. વિશ્વના લગભગ તમામ દેશોએ આ સિદ્ધાંતનો પ્રયોગ કર્યો છે. આથી હું પ્રસ્તાવ રજૂ કરું છું કે ૧૯૫૨ના રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ એકટમાં સુધારો કરીને મારું રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ (સુધારિત) બિલ લાગુ કરે.' પ્રસ્તાવિત કાયદા મુજબ સંસદસભ્ય અથવા વિધાનસભ્યને પાછા બોલાવવાની પ્રક્રિયા કોઈ પણ મતદારવિસ્તાર સ્પીકર સમક્ષ પિટિશન દાખલ કરી શરૂ કરી શકે. જોકે આ પિટિશનમાં સંબંધિત મતદારવિસ્તારના કુલ મતદારોના ઓછામાં ઓછા પચીસ ટકા મતદારોએ હસ્તાક્ષર કર્યા હોવા જોઈએ.

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### સુવાસ ફેલાવતું ટ્રાન્ઝિસ્ટર

સફળતાઓ આપણને અંદરથી પજવે જયારે નિષ્ફળતાઓ બહારથી. આ બંને પ્રકારની પજવણીમાંથી મુક્ત થઈને કર્મ કરતા રહેવાની વાત ગીતા કરે છે. ફળ વગરનું કર્મ શી રીતે હોઈ શકે! ગુરુત્વાકર્ષણ વગરનો પદાર્થ હોઈ શકે ખરો? ગીતા ફળના વળગણથી છૂટવાની વાત કહે છે.

કર્મને ફળનું વળગણ, સાધુને શિષ્યોનું (અને શિષ્યાઓનું) વળગણ, સેવકોને પ્રસિદ્ધિનું વળગણ, નેતાને સત્તાનું વળગણ, સંસારીને સંબંધોનું વળગણ, જ્ઞાનીઓને ગ્રંથનું વળગણ, વાળંદોને વાતચીતનું વળગણ અને સ્ત્રીઓને ઘરેણાંનું વળગણ છોડતું નથી.

ભણાવવામાં નિષ્ફળતા મળે તેને ઢાંકવા માટે શિક્ષક બાળકોને ઝૂડી નાખે છે. સંચાલનમાં નિષ્ફળ ગયેલો શાળાનો આચાર્ય શિક્ષકોને દબડાવતો રહે છે. રોગને પારખવામાં નિષ્ફળ ગયેલા દાક્તરનું પ્રિસ્ક્રિપ્શન ખૂબ લાંબુ હોય છે. રીઢા ગુનેગારની જુબાની ટૂંકી નથી હોતી.

ઝૂંપડીના રુદનમાં અને બંગલાના રુદનમાં તફાવત હોય છે. ઝૂંપડીના રુદનમાં રડનારો લાચાર, જયારે બંગલાના રુદનમાં તો રુદન પોતે જ લાચાર! કોઈને પગ નથી તેનું દુઃખ જયારે કોઈને પગરખાં નથી તેની બળતરા. કોઈને પૂરતાં કપડાં નથી તેનું દુઃખ જયારે કોઈને ફેશન ન સચવાય તેનો કચવાટ! કોઈને આવકનો અભાવ સતાવે તો કોઈને આવકવેરો સતાવે! ઓછી આવકવાળાને સતત આવકવેરો ભરવો પડે એવી આકાંક્ષા નહીં રહેતી હોય! આવક છે તો આવકવેરો છે ને!

જો લિફ્ટમાં બેસીને એવરેસ્ટની ટોચે પહોંચાતું હોય તો ઘણા લોકોને એમ કરવામાં વાંધો નથી. માણસ મહાત્મા ન બને તો ચાલે; પણ એ મૂઠી ઊંચેરો બની શકે તોય ઘણું. મૂઠી ઊંચેરો આદમી એટલે સુવાસનું ટ્રાન્ઝિસ્ટર! બાકી અક્ષયપાત્રને ભિક્ષાપાત્રમાં પલટી નાખવાની આપણી આવડત ઘણી જૂની છે.

ગુણવંત શાહ

## ગતકડું...!

- દેવેન વ્યાસ



યોગ કરવાથી મત ખેંચી શકવાની તાકાત આવતી હોય તો....!!!!

## અંબાજીમાં મળેલ બોંબ ફટાકડા બોંબ

### લગ્નના વરઘોડામાંથી 'ફટાકડા બોંબ' ઉડેલઃ એફએસએલની મદદથી પોલીસવડાએ રાતભર પરીક્ષણ કરાવી તારણ શોધ્યુ

ડીસા

દેશ-વિદેશના ભકતોની બારેમાસ સતત ભીડ રહે છે ભકતોના સતત આગમનને કારણે સતત ધમધમતા રહેતા શ્રધ્ધાળુઓની આસ્થાના પ્રતિક સમા અંબાજી મંદિરના શકિતપીઠ દ્વાર પાસે દેશી બોંબ મળી આવ્યાના અહેવાલના પગલે બનાસકાંઠા એસપી નિરજકુમાર બડગુજર અને એફએસએલની ટીમ દ્વારા સમગ્ર રાત ઉજાગરો કરી રહસ્ય શોધી કાઢયું તેનાથી વાતનું વતેસર થયાનું અને સોશ્યલ મીડીયામાં ઘણાયે આદત મુજબ કાંઇ સમજયા વગર બોંબ બસમાંથી ફેંકાયાના તથા બોંબમાં ગન પાવડર-છરા વિ. હોવાની પોષ્ટ મુકી દીધી હતી. જે વાતમાં બીલકુલ તથ્ય ન હોવાનું બનાસકાંઠાના કાર્યદક્ષ પોલીસવડા નિરજકુમાર બડગુજરે જણાવ્યું હતું.

સમગ્ર બાબતે વિસ્તૃત રીતે સ્પષ્ટીકરણ કરતા નિરજકુમાર બડગુજરે જણાવેલ કે, ઘટનાની રાતે લગ્નનો એક વરઘોડો પસાર થયેલ. તેમાં ફટાકડા ફુટતા હતા જેમાનો એક ફટાકડા બોંબ રસ્તામાં પડેલ અને કોઇનો પગ લાગતા દરવાજા સુધી ધકેલાયો હતો. બોંબ હોવાની જાણ થતા જ સાવચેતી ખાતર અગાઉથી જ તૈયાર રખાયેલી એસઓજી અને બોંબ ડીસ્પ્લોઝર ટીમની ટુકડીએ તાકીદે તપાસ શરૃ કરેલ. પોતે પણ એફએસએલ સાથે તપાસમાં જોડાયા હતા. સોશ્યલ મીડીયાની પોષ્ટે લોકોમાં ગભરાટનું વાતાવરણ ફેલાવ્યું હતું. તેથી વિસ્તૃત પરીક્ષણ કરાવેલ.

બનાસકાંઠાના એસપી નિરજકુમાર બડગુજરે જણાવેલ કે, રાજકોટ શહેર પોલીસ અને એટીએસ દ્વારા વસીમ અને નઈમ નામના આતંકી પકડાયા બાદ આતંકીઓના નિશાને ચોટીલા વિ. ધાર્મિક સ્થાનો હોવાનું બહાર આવતા જ તેઓએ સાવચેતી ખાતર અંબાજી મંદિરમાં બંદોબસ્ત ચુસ્ત કરવા સાથે પાલનપુર હેડ કવાર્ટર ખાતેથી એસઓજી અને બોંબ ડિસ્પ્લોઝલ ટુકડીઓ એડવાન્સમાં જ તૈનાત કરી હોવાથી તુર્ત જ કાર્યવાહી શરૃ કરવામાં સરળતા રહેલી. તેઓએ જે પ્રકારના ફટાકડા બોંબ મળ્યો તે જ પ્રકારના બીજા ફટાકડા બોંબ મંગાવી એફએસએલ પાસે પરીક્ષણ કરાવેલ. પરંતુ કોઇ શંકાસ્પદ પદાર્થ મળ્યો નથી. નિરજકુમાર બડગુજરે ભાવી-કોને કોઇ જાતનો ગભરાટ રાખ્યા વગર માતાજી પર શ્રધ્ધા રાખી દર્શનાર્થે આવવા અપીલ કરી હતી.

## લોકપ્રિય હાસ્ય લેખક તારક મહેતાના નિધનથી આઘાત

### તારક મહેતાના કરોડો ચાહકોમાં આઘાતનું મોજુઃ તેમના દેહને દાન કરવાનો પરિવાર દ્વારા નિર્ણય કરાયો : વર્ષ ૨૦૦૫માં તારક મહેતાને પદ્મશ્રીથી સન્માનિત કરાયા હતા

અમદાવાદ

ભારતમાં લોકપ્રિય મનોરંજન ચેનલ સબ ટીવી ઉપર વર્ષ ૨૦૦૮માં શરૂ થયેલા તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા મારફતે દેશભરમાં અને વિદેશમાં ભારે લોકપ્રિય થયેલા હાસ્ય લેખક તારક મહેતાનુ નિધન થતા તેમના કરોડો ચાહકોમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ હતું. બીજી બાજુ તેમના પરિવારના સભ્યોએ તેમના દેહને દાન કરવાનો નિર્ણય કરીને વધુ એક દાખલો તમામ લોકો માટે બેસાડી દીધો છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા દેશભરમાં સૌથી લોકપ્રિય સિરિયલ તરીકે રહી છે. આ સિરિયલે સફળતાના તમામ રેકોર્ડ તોડી દીધા છે. આ સિરિયલના



કારણે તેમનુ નામ સમગ્ર દેશ અને દુનિયામાં લોકપ્રિય થયુ હતુ. ૨૬મી જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે તેમને પદ્મશ્રીથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. તારક મહેતા છેલ્લા કેટલાક સમયથી અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં રહેતા હતા. ૨૬મી ડિસેમ્બર ૧૯૨૯ના દિવસે તેમનો જન્મ થયો હતો. તારક મહેતાએ મુંબઈમાં ગુજરાતી વિષય સાથે બીએ અને એમએ પાસ કરીને લેખન કાર્યમાં જોડાઈ ગયા હતા.

## ડીસામાં અંજનશલાકા પ્રતિષ્ઠા અને પ્રવજયા પ્રદાન મહોત્સવ ઉજવાયો







### આજે દ્વારોદઘાટન સાથે મહોત્સવ સંપન્ન થશે

ડીસા

ડીસામાં પ્રયાગ ઉત્સવને લઈ છેલ્લા આઠ દિવસથી ભક્તિ ભાવનાનો સાગર છલકાઈ રહ્યો હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. સુવિશાળ ગચ્છાધિપતિ પ્રતિષ્ઠાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જયન્તસેન સૂરીશ્વરજી મ.સા. 'મધુકર'ની પાવન નિશ્રામાં ઉજવાઈ રહેલા પ્રયાગ ઉત્સવ નિમિત્તે ગઈકાલે વહેલી સવારે ૫.૩૦ કલાકે વેદલીયા શાંતિલાલ નેમજીભાઈના સુપુત્ર ચેતનકુમારની સુપુત્રી કુમારી ભૂમિબહેનને પ્રવજયા પ્રદાન અવસર ઉજવાયો હતો.

આ નવાહ્નિકા મહોત્સવ નિમિત્તે ગઈકાલે સવારે પૂજય રાષ્ટ્રસંતશ્રીની પાવન નિશ્રામાં નેમિનાથ નગરે કાલિકાલ કલ્પતરૂ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાદિ જિનબિંબની પ્રતિષ્ઠા અને બપોરે ૧૨.૩૯ કલાકે આદિનાથ નગરે પ.પૂ.આ.ભ. શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.આદિ ગુરૂબિંબની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. આ પ્રતિષ્ઠા સમયે આકાશમાંથી હેલીકોપ્ટર મારફત પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. જેને લઈ ધર્મોલ્લાસ છવાયો હતો. જયારે આજે તા.૨/૩/ ૨૦૧૭ને ગુરૂવારના રોજ પ્રભાતે દ્વારોદ્ઘાટન થશે. આજે સવારની નવકારશીના લાભાર્થી વાતમ નિવાસી મોરખીયા સુંદરબેન વાડીલાલ કાળીદાસભાઈ પરિવાર, બપોરની સાધર્મિક ભક્તિના લાભાર્થી ભોરડું નિવાસી વેદલીયા પોપટલાલ ઉમેદચંદ્રભાઈ પરિવાર, શ્રી સત્તરભેદી પૂજાના લાભાર્થી ભોરડું નિવાસી વેદલીયા નરપતલાલ પરિવાર, સાંજની સાધર્મિક ભક્તિ જેતડા નિવાસી વીરવાડીયા દેવચંદભાઈ મગનલાલભાઈ પરિવાર, અંગરચનાના લાભાર્થી વાસણા નિવાસી મોરખીયા જીવીબેન કાળીદાસભાઈ નરસીંગભાઈ પરિવાર તથા ભક્તિ ભાવનાનો લાભ વાસણા નિવાસી દોશી પાવર્તીબેન મફતલાલ નાગરદાસ પરિવાર લઈ રહ્યો છે.

## ડીસામાં રોડના કામમાં વેઠ વાળનાર કોન્ટ્રાકટરને નોટીસ પાઠવાઈ

### નવો બનેલો રોડ બે માસમાં જ તુટી જતાં ગેરરીતિની પોલ ખુલી

ડીસા

ડીસાના હાઈવે ગાયત્રી મંદિર વિસ્તારમાં ડાયમંડ સોસાયટી અબ-ર્ુદા શાળા સુધી રૂ.૫૦ લાખના ખર્ચે બનાવેલ રોડ બે મહિનામાં જ તુટી જતાં ગેરરીતિની પોલ ખુલી હતી. આથી રોડની નબળી કામગીરી કરનાર કોન્ટ્રાકટરને પાલિકા દ્વારા નોટીસ પાઠવી પેમેન્ટ અટકાવી નવો રોડ બનાવવા સુચના અપાઈ છે નહી તો કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટ કરવા પણ ચેતવણી આપી છે.

ડીસા નગરપાલિકા દ્વારા હાઈવે ગાયત્રી મંદિર સામેના વિસ્તાર ડૉ.ખેરાજ કીરીની હોસ્પિટલથી ડાયમંડ સોસાયટી અર્બુદા શાળા સુધીનો રસ્તો બનાવા ટેન્ડર પ્રક્રિયા કરી રૂ.૪૯ લાખના ખર્ચે રસ્તાનું નવિનીકરણ કરાયું હતું. જો કે, આ રસ્તો માત્ર બે માસમાં સાવ તુટી જતાં સોસાયટીના રહીશો દ્વારા ગેરરીતિની વ્યાપક ફરિયાદો નગરપાલિકાને કરાઈ હતી. જયારે



ભરત સુંદેશા

વિપક્ષ દ્વારા પણ જવાબદારો સામે પગલાં લેવાની માંગ કરાઈ હતી. આ રસ્તા પર કોઈ મોટા વાહનોની અવર જવર ન હોવા છતાં રસ્તો બિલકુલ તુટી જતાં કોન્ટ્રાકટર દ્વારા વ્યાપક ગેરરીતિ આચરાઈ હોવાનું સ્પષ્ટ થયું હતું. શહેરમાં અન્ય રસ્તાઓની કામગીરી પર પણ શાસક અને વિપક્ષ બન્ને પક્ષના સભ્યો સવાલ ઉઠાવી રહ્યા છે.

ત્યારે પાલિકા દ્વારા આ બાબતે તાબડતોબ તપાસ હાથ ધરી ડાયમંડ સોસાયટીનો રસ્તો બનાવનાર કોન્ટ્રાકટર સુનિલ રાજપૂતને નોટીસ પાઠવી ટેન્ડરની શરતો મુજબ રસ્તાનું કામ નવેસરથી કરવા અન્યથા તેનું બાકીનું પેમેન્ટ સ્ટોપ કરી બ્લેક લીસ્ટ કરવાની નોટીસ આપી છે. આ અંગે ડીસાના ચીફ ઓફીસર જીગર પટેલે જણાવ્યું હતુ કે, કોન્ટ્રાકટર દ્વારા વ્યાપક ગેરરીતિની ફરિયાદો મળતાં તેને તાત્કાલિક નોટીસ અપાઈ છે

અનુસંધાન પાના નં.૬

ડૉ.શિવમ ખેરાજ કીરી
ઓર્થોપેડીક સર્જન
શિવમ ઓર્થોપેડીક હોસ્પિટલ
હાઈવે, ડીસા
દર ગુરૂવારે સવારે ૧૦ થી ૨ તપાસ મફત
દર શુક્રવારે ધાનેરા સરસ્વતી હોસ્પિટલ
સવારે ૧૧ થી ૪ કલાકે
Mo.9867089704

**સૂર્યોદય - ૭.૦૨ સૂર્યાસ્ત - ૬.૪૨**

## તિથિદર્શન
ફાગણ સુદ ૩ બુધવાર ૨૦૭૩

| | | |
|---|---|---|
| ૧૨ મં.શુ. ચં. | ૧૧ સુ.કે.લ. | ૧૦ |
| ૧ | | ૯ શ. |
| ૨ | | ૮ |
| ૩ | ૫ રા. | ૭ |
| ૪ | | ૬ ગુ. |

વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૮, નામ સંવત્સર :દુર્મુખ નામ વીર જૈન સંવત ૨૫૪૩ ફાગણ સુદ ત્રીજ બુધવાર નક્ષત્ર: રેવતી યોગ:સાધ્ય કરણ: તૈતીલ આજે જન્મેલા બાળકની મીન (દ.ચ.ઝ.થ.)રાત્રે ૩.૧૬ પછી મેષ (અ.લ.ઈ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### ભયે વા યદિ હર્ષે વા સંપ્રાપ્તે યો વિમર્શયેત્ કાર્ય ન કુરુતે વેગાન્ન સ સન્તાપમાપ્નુયાત્

'જે માણસ ભય દુઃખ- આપત્તિના સમયમાં કે આનંદ- ઉલ્લાસ- હર્ષના પ્રસંગોમાં પણ તટસ્થપણે- વિવેકપૂર્ણ વિચાર કરીને- ઉતાવળે કોઈ નિર્ણય ન કરે તે કદાપિ દુઃખ પામતા નથી.' આજે વ્યવહારમાં આત્મહત્યાઓના બનાવો ખૂબ જ સહજ અને રોજના થઈ ગયા છે. પરીક્ષામાં ધાર્યું પરિણામ ન આવ્યું, વેપારવામાં ખોટ ગઈ, અપકીર્તિ- બદનામી થઈ, લગ્ન જીવનમાં અણબનાવ- બોલાચાલી થઈ, ઘરમાં સભ્યોની કનડગત, ખાયકી- ખોટ- કૌભાંડનો રેલો આવે આવા અનેક પ્રસંગે વ્યક્તિએ નિર્દોષ હોય કે દોષિત પણ ઉતાવળે નિર્ણય લઈ 'જીવહાનિ' કરવી યોગ્ય નથી. દબાણ- ટેન્શન- સ્ટ્રેસમાં 'ગાંડપણ' સુધી પહોંચી જવું પણ યોગ્ય નથી. સત્તા- પદ- અધિકાર - વિજય મળે અને એમાં માણસ છકી- બહેકી જઈ મદ- અભિમાનમાં વિવેક અને મગજનું સમતોલપણું ગુમાવે એ પણ યોગ્ય નથી. વાચન- સત્સંગ દ્વારા વિચાર કરવાની શક્તિ મળે છે. કોઈ પણ બાબતમાં 'સાચો નિર્ણય' લેવાની સૂઝ આપે છે. કઈ બાબત સારી- સાચી છે કે કઈ બાબત ખરાબ- ખોટી છે એના યોગ્ય નિર્ણયને 'વિવેક' કહેવાય છે.

આપત્તિઓ અને આનંદપૂર્ણ સંજોગોમાં 'વિવેક' જાળવીને નિર્ણય લેવો જોઈએ.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) આરોગ્ય અંગે સાવચેતી રાખવી જરૂરી. ધંધાકીય ક્ષેત્રે કાળજી રાખવી.**

**વૃષભ : (બ.વ.ઉ.) ખર્ચ પર અંકુશ રાખવો. અગત્યના કાર્ય સફળ થાય.**

**મિથુન : (ક.છ.ઘ.) જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક પ્રશ્ન ઉકેલાય.**

**કર્ક : (ડ.હ.) ધીરજના ફળ મીઠા જણાય. સ્વજનથી સંવાદિતતા સર્જાય.**

**સિંહ : (મ.ટ.) નાણાંભીડ દૂર થાય. કાર્યબોજમાં વધારો થાય.**

**કન્યા : (પ.ઠ.ણ.) પ્રવાસમાં વિલંબ. લાભની તક સાંપડે.**

**તુલા : (ર.ત.) મહત્વના પ્રશ્નો હલ થાય. ગૃહજીવનની કામગીરી હાથ ધરી શકશો.**

**વૃશ્ચિક : (ન.ય.) કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. સ્નેહિજનથી મિલન થાય.**

**ધન : (ભ.ફ.ધ.) કાર્યમાં લાભ થાય. મહત્વની પ્રવૃત્તિઓ વેગવંતી બને.**

**મકર : (ખ.જ.) માનસિક ટેન્શન દૂર થાય. નાણાંકીય કાર્ય માટે સાનુકૂળ દિવસ.**

**કુંભ : (ગ.શ.સ.) લાભ અટકતો જણાય. મનની મુરાદ મનમાં રહે.**

**મીન : (દ.ચ.જ.થ.) ખર્ચનો નાનો પ્રસંગ બને. પ્રિયજનથી વિયોગ રહે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ગ્રામ અર્થકારણના નિષ્ણાત અને મહાત્મા ગાંધીજી તથા સરદાર વલ્લભભાઈ પટેલના અણનમ સાથે શ્રી દાદુભાઈ દેસાઈની પુણ્યતિથિ છે.

એમનો જન્મ તા. ૨૬-૫-૧૮૭૮ના રોજ નડિયાદમાં થયો હતો.

ગાંધીજીના રંગે રેગાયેલા આ અણનમ સત્યાગ્રહીએ જેલવાસ પણ ભોગવ્યો હતો.

આ મહાન લોકસેવકનું તા. ૨-૩-૧૯૫૯ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

# ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ



નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

## નિફ્ટી ફ્યુચર ૯૦૦૯ પોઈન્ટ સ્ટ્રોંગ સપોર્ટ....!!!

**તા ૦૧.૦૨.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ ( ૮૯૭૨ ) :- આગામી સંભવિત** નિફ્ટી ફ્યુચર ૮૯૩૦ પોઈન્ટના પ્રથમ અને ૮૯૧૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૮૯૯૩ પોઈન્ટથી ૯૦૦૯ પોઈન્ટ, ૯૦૧૯ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૯૦૦૯ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી...!!

## તેજી સંદર્ભે ખરીદવાલાયક સ્ટોક ધ્યાને લઈએ તો ...

**૧) યશ બેન્ક ( ૧૪૬૧ ) :-** બેન્ક ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૪૪૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૪૩૦ સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૪૭૭ થી રૂ.૧૪૮૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૪૯૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!!

**૨) સેન્ચુરી ટેક્ષટાઈલ ( ૯૫૪ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૯૪૧ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૯૩૩ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૯૭૩ થી રૂ.૯૮૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

**૩) કોટક બેન્ક ( ૮૨૬ ) :-** રૂ.૮૦૮ પ્રથમ તેમજ રૂ.૭૯૬ ના બીજા સપોર્ટથી બેન્ક સેક્ટરનો રોકાણલક્ષી રોકાણલક્ષી આ સ્ટોક રૂ. ૮૪૩ થી રૂ. ૮૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!

**૪) સન ફાર્મા ( ૬૯૮ ) :-** ફાર્મા સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૭૧૩ થી રૂ.૭૨૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૬૭૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો........!!

૫) સિપ્લા ફાર્મા ( ૫૯૦ ) :- રૂ.૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૬૦૬ ના સ્ટોપલોસ આસપાસ રોકાણલક્ષી ખરીદવાલાયક ..!! ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૬૧૩ થી રૂ.૫૭૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ......!!

## મંદી સંદર્ભે વેચાણલાયક સ્ટોક ધ્યાને લઈએ તો...

**૧) ACC લિમિટેડ ( ૧૪૧૩ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ સિમેન્ટ સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૪૨૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૪૦૩ થી રૂ.૧૩૮૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૪૪૦ સ્ટોપલોસ ધ્યાને લેવો....!!

**૨) HDFC લિમિટેડ ( ૧૩૯૭ ) :-** રૂ.૧૪૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૪૧૭ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૧૩૮૬ થી રૂ.૧૪૭૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૪૩૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

**૩) ઇન્ડસિન્ડ બેન્ક ( ૧૩૩૬ ) :-** બેન્ક સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૧૩૬૦ ના સ્ટોપલોસથી વેચાણ લાયક ...!! પ્રત્યાઘાટી ઘટાડે રૂ. ૧૩૧૯ થી રૂ.૧૩૦૩ ના ભાવની આસપાસ નફો બુક કરવો....!!

**૪) ઇન્ફોસિસ ( ૧૦૨૮ ) :-** ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૦૪૪ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૦૦૯ થી રૂ.૯૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૦૬૩ સ્ટોપલોસ ધ્યાને લેવો......!!

**૫) રિલાયન્સ ઇન્ફ્રા ( ૫૭૩ ) :-** રૂ.૫૮૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૯૪ ના સ્ટોપલોસે વેચવાલાયક ....!! તબક્કાવાર રૂ.૫૬૦ થી રૂ. ૫૪૪ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૦૬ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

**ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!**

# સાયન્સ કોમર્સ કોલેજ અને બી.સી.એ કોલેજ, પાલનપુર દ્વારા રાજ્ય કક્ષાની સ્પર્ધા યોજાઈ



પાલનપુર

આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ.પરીખ કોલેજ ઓફ કોમર્સ અને બી.કે.મહેતા આઈ.ટી. સેન્ટર બી.સી.એ. કોલેજ પાલનપુરના સંયુક્ત ઉપક્રમે "Recent Trends in Science and Technology" વિષય ઉપર State Level Power Point Presentation and Poster Competition નું આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડો.યોગેશ બી.ડબગરે તમામ આમંત્રિતોને આવકાર્યા હતા અને સાયન્સના બેઝિક સિધ્ધાંતો અંગે વિદ્યાર્થીઓને જાણકારી આપી હતી. તેનો આધાર લઈ પ્રવર્તમાન સાયન્સના પ્રવાહો અંગે રિસર્ચ કરવા અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમના ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી ડો.આર.જે.પાઠક હિસ્ટ્રી ઓફ ઈન્ડિયન સ્પેસ ટેકલોનોજી ઉપર રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું ભારતના વિજ્ઞાનીકો દ્વારા ખુબજ ઓછા ખર્ચે ૧૦૪ ઉપગ્રહો છોડવા અંગે જાણકારી આપી હતી અને ડો.એસ.એચ.પ્રજાપતિ એ મહેમાનોનો પરિચય આપ્યો હતો જયારે ઈવેન્ટ કો - ઓર્ડિનેટર પ્રા.પી.વી.મોઢ એ સમગ્ર કાર્યક્રમની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમના મુખ્ય વક્તા કાર્યક્રમના કિનોટ સ્પિકર ડો.એમ.વી.હાથી (રિસર્ચ ગાઈડ અને પૂર્વ સંકુલ નિયામક) એ ટેકનોલોજી સમય, સંહારક અને ઉત્પાદક ટેકનોલોજીનો વિજ્ઞાન સાથે સંબંધ અંગે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. ગઈકાલનું વિજ્ઞાન એ આજની ટેકનોલોજી અને આવતીકાલના ઉધોગ અંગે વિદ્યાર્થીઓને માહિતીગાર કર્યા.

આ કાર્યક્રમના બીજા સેસશનમાં વિદ્યાર્થીઓને સાયન્સ અને આઈટીના જુદા જુદા વિષયો ઉપર પી.પી.ટી. અને પોસ્ટર પ્રેઝન્ટેશન રજુ કર્યા હતા જેમાં ગ્રૃપ - એ પોસ્ટરમાં મુકેશ ગઢીટ ગ્રૃપ - બી માં પટેલ ભૂમિકા જયારે પી.પી.ટી.માં રાવલ હિતાર્થ ગ્રૃપ - એ માં અને ગ્રૃપ બી - માં પટેલ ઉન્નતિ બી.ગ્રૃપ - સી.પી.પી.ટી. અને પોસ્ટર પ્રેઝન્ટેશનમાં સોની નિધી પ્રથમક્રમે રહ્યા હતા. આ કાર્યક્રમમાં જુદી જુદી ૧૪ કોલેજોના ૫૦૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં પાર્ટી સિપન્ટને કિટ અને ટ્રોફી માટે રોટરી ક્લબનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ કાર્યક્રમનું સંચાલન ડો.કે.વી.મહેતા એ કર્યું હતું. આભારવિધિ પ્રિન્સીપાલ નમ્રતા એસ.ગુપ્તા અને પ્રા.પરવીન અમી એ કરી હતી.

# શ્રી આદર્શ વિદ્યાલય આસોદરમાં ધોરણ ૧૦-૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો



પ્રતિ. આસોદર

શ્રી આદર્શ વિદ્યાલય આસોદરના પરિસરમાં તા.૨૩/૨/૨૦૧૭ ને ગુરૂવારના રોજ બાબરાભાઈ એન.ચૌધરી, ચેરમેન બનાસકાંઠા જિલ્લા શિ.સમિતિના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો.

જેમાં શાળાના મંત્રી નાગજીભાઈ કે.પટેલે મહેમાનોનું સ્વાગત કરી વિદાય લેતા વિદ્યાર્થીઓને ભવિષ્યમાં શાળાના તેમજ રાષ્ટ્રના વિકાસમાં પોતાનું યોગદાન આપે તેવા આર્શીવચન આપેલ.

આ વિદાય સમારંભમાં ભુપતસિંહ બાપુ લવાણા, સરપંચ સગથાભાઈ, ગણતા સરપંચ પનાભાઈ દેસાઈ તથા હરિભાઈ પટેલ, તથા ગામના આગેવાનો, વાલીઓ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહી કાર્યક્રમની શોભામા અભિવૃધ્ધિ કરેલ. શાળાના ઈન્ચાર્જ આચાર્ય ડાહ્યાભાઈ ચૌધરી તથા શિક્ષક મિત્રોએ વિદ્યાર્થી ભાઈ બહેનોને ખૂબ મહેનત કરી મુલ્યો અને ગુણો સાથેનું જીવન ઘડતર કરી સફળ થવાની શીખ આપી હતી.

શાળાના તેજસ્વી તારલાઓનું મહેમાનો દ્વારા ઈનામ આપી સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળા પરિસરમાં પ્રાર્થના ખંડ, શાળાની સંરક્ષણ દિવાલ અને મિનરલ વોટર પ્લાન્ટ જેવી સુવિધાઓ વિવિધ સરકારી ગ્રાન્ટ મારફતે અપાવવાની જાહેરાત ચેરમેન બાબરાભાઈ એન.ચૌધરીએ કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના તમામ શિ.મિત્રોના સહકારથી સંપન્ન થયું હતું.

### સુઈગામના મોરવાડા ગામની ઘટના

# વિફરેલા ઉંટે તેના માલીકને પછાડીને મોતને ઘાટ ઉતાર્યો



સંજય જોષી

પાલનપુર

સુઈગામ તાલુકાના મોરવાડા ગામે ગઈકાલે વિફરેલા ઉંટે તેના માલીકને ગળેથી પકડી જોરદાર બચકુ ભર્યા બાદ પછાડીને મોતને ઘાટ ઉતારતા અરેરાટી વ્યાપી જવા પામી હતી. પ્રાપ્ત માહિતી મુજબ સુઈગામ તાલુકાના મોરવાડા ગામે રહેલા ટીનાભાઈ નાગજીભાઈ રાવળ ગઈકાલે પોતાની ઉંટ લારીમાં લાકડા ભરીને જઈ રહ્યા હતા. ત્યારે કોઈ કારણોસર ઉંટ એકા એક વિફર્યો હતો. અને ટીનાભાઈને ગળેથી પકડી બચકુ ભરી જમીન ઉપર પછાડી મારી નાખ્યા હતા. જોકે આસપાસથી લોકો દોડી આવી મૃતક ટીનાભાઈને ઉંટની ચૂંગલમાંથી છોડાવ્યા હતા. જોકે ઉંટ એટલો વિફરેલો હતો કે તેની આસપાસ અન્ય કોઈ વ્યક્તિની આવવાન દેતો નહતો. આ ઘટનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી જવા પામી હતી.

# સરકારી વિનયન કોલેજ, અમીરગઢની એન.એસ.એસ. શિબિર યોજાઈ



તા.પ્રતિનિધિ અમીરગઢ

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને સેવાભાવના જાગૃત થાય તેવા ઉદ્દેશથી સરકારી વિનયન કૉલેજ, અમીરગઢમાં રાષ્ટ્રિય સેવા યોજના યુનિટ કાર્યરત છે. જે અંતર્ગત વર્ષ દરમિયાન સ્વચ્છતા અભિયાન, એઈડ્સ જાગૃતિ, બેટી બચાવો, મતદાન જાગૃતિ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. પ્રતિવર્ષે આ યુનિટની સપ્તદિવસની એક વાર્ષિક શિબિર યોજાય છે. ચાલુ વર્ષે કેશલેસ અને ડિજીટલ ઈન્ડિયાની થીમ આધારિત સપ્ત દિવસીય વાર્ષિક શિબિર જેથી મુકામે યોજાઈ હતી. જેના ઉદઘાટન પ્રસંગે જેથી ગામના સરપંચ, ગામના અગ્રણીઓ, જેથી પ્રા.શાળાના આચાર્ય તથા કૉલેજના આચાર્ય અને શિબિરાર્થી વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. શિબિર દરમિયાન ગ્રામસફાઈ, યોગ, બેટી વધાવો રેલી, એચ.આઈ.વી. ટેસ્ટ તથા એઈડ્સ જાગૃતિ અને ડિજીટલ ઈન્ડિયા વિશે વ્યાખ્યાન જેવી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી.

આ શિબિરનું સમગ્ર આયોજન આચાર્ય નરેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પ્રો.ઓફિસર નરેન્દ્રભાઈ રાવલે કર્યું હતું.

# સામઢીમાં સંતવાણી કાર્યક્રમ યોજાયો



(પ્રતિ.) સામઢી

પાલનપુર તાલુકાના સામઢી રાણાજીવાસ ગામે આવેલ મેઘનાથ મહાદેવના મંદિરે શિવરાત્રિ નિમિત્તે સંતવાણી કાર્યક્રમ યોજાયો હતો. જેમાં દિપુસિંગ (બેન્જા વાદક), જબ્બરસિંગ (તબલચી), ચેનજીભાઈ (તબલચી), ઈસ્માલભાઈ મીર, દીપકભાઈ નાઈ, પૃથ્વીરાજ તથા સરસ્વતી ભજન મંડળે મોડી રાત સુધી ભજનોની રમઝટ જમાવી હતી. જે પ્રસંગે માજી સરપંચ વેલાજી ઠાકોર, પીરાભાઈ મકવાણા, ડુંગરભાઈ દેસાઈ, કાન્તિભાઈ પ્રજાપતિ, છગનભાઈ નાઈ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. ભાવિકોને શકકરીયાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

# શ્રી બહુચર માતાજી મંદિર થરા ખાતે આઠમો પાટોત્સવની ઉજવણી : શોભાયાત્રા નિકળી



યશપાલસિંહ ટી. વાઘેલા

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના થરાનગરના જુના ગામતળમાં બીરાજમાન શ્રી બહુચર માતાજી મંદિર ખાતે ગઈકાલે બુધવારના રોજ આઠમો પાટોત્સવ ઉજવાયો સવારે ૭ કલાકે મંગલા આરતી કર્યાબાદ ચંડીયજ્ઞનો પ્રારંભ કરવામાં આવેલ. ચંડીયજ્ઞમાં વિધ્વાન પંડીત ભીખાભાઈ જોષી, રમેશભાઈ જોષીના મુખારવિંદે શાસ્ત્રોક્ત વિધી વિધાનથી ચંડીયજ્ઞનો પ્રારંભ કરેલ સોની રાજેશભાઈ બી.પરિવાર તથા જોષી ધનશ્યામભાઈ બી.પરિવારના યજમાન પદે હવનમાં બીરાજેલ. ચંડીયજ્ઞની પુર્ણાહુતી બાદ બપોરે ૩ કલાકે નિજ મંદિરેથી શોભાયાત્રા નિકળી દરબાગઢ, જૈન શેરી, મોચી શેરી, તેરવાડીયા વાસ, હાઈસ્કૂલ રોડ, માર્કેટ ગરનાળું, તાણા રોડ થઈ ગોકુળ નગર,જામપુર રોડ, શાક માર્કેટ, નગર પાલીકા રોડ, વાળીનાથ મંદિર, સદુભાપાટી, પટેલવાસ, પ્રજાપતિ વાસ, ઉભી શેરી થઈ નીજ મંદિરે શોભાયાત્રા પહોંચી આરતી પુજા કરી પ્રસાદ લઈ સૌ ભાવિક ભક્ત જનો છુટા પડેલ. ચેત્રસુદ - ૧૫ ના દિવસે બપોરે ૧૨ કલાકે છપ્પનભોગ અન્નકુટ ઠક્કર અચરતલાલ શીવરામભાઈ પરિવાર તરફથી ધરાવવામાં આવશે.

# પાલનપુર વિદ્યાલયમાં દિક્ષાંત સમારોહ યોજાયો

પાલનપુર

શ્રી પ્રજાપતિ કેળવણી મંડળ (૬૬ ગોળ), પાલનપુર સંચાલિત વિદ્યાલયમાં ધો.૧૦ ના વર્તમાન વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ ૨૦૧૬-૧૭ માં ભાગ લીધેલ વિદ્યાર્થીઓનો પ્રોત્સાહક ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો.

આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ મગનભાઈ, કેળવણી મંડળના પ્રમુખ ગુણવંતભાઈ, ૧૮૦ પ્રજાપતિ સમાજના માજી પ્રમુખ તેમજ ધી છાપી ના.સ. બેંકના ચેરમેન સુરેશભાઈ, માજી પ્રમુખ રામજીભાઈ તેમજ વાર્ષિક ઉત્સવના ઈનામના દાતા ડૉ.બાબુલાલ તથા અન્ય કારોબારી સભ્યો તથા સંસ્થાના આચાર્યશ્રી તથા શિક્ષકોના સાનિધ્યમાં આ કાર્યક્રમ યોજાયો.

# વાવ તાલુકાના બિયોક ગામે અલ્પેશ ઠાકોરે લગ્ન સભા સંબોધી : ૨૦૧૮ માં ઠાકોર મુખ્યમંત્રી ધ્વજવંદન કરશે



વિષ્ણુ પરમાર, નટુજી ઠાકોર

(તા.પ્રતિનિધિ) વાવ/કોતરવાડા

વાવ તાલુકાના બિયોક ગામે તારૂરિયા પરિવારમાં યોજાયેલ લગ્ન સમારંભમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાના અધ્યક્ષ અલ્પેશ ઠાકોરે જનસભાને સંબોધી હતી.જેમાં લગ્ન પ્રસંગે આ આયોજન બદલ અલ્પેશે સમગ્ર પરિવારને શુભેચ્છાઓ પાઠવી હતી.ત્યારબાદ લગ્નસભાને સંબોધન કરતા અલ્પેશ ઠાકોરે ગુજરાતમાં સૌથી વધુ દરેક ક્ષેત્રમાં બનાસકાંઠાએ હરણફાળ ભરી છે અને આ જ બનાસકાંઠા હવે ૨૦૧૭ ની ચૂંટણીમાં ગુજરાતની રાજનીતિ પણ નક્કી કરશે અને મુખ્યમંત્રી તરીકે ઠાકોર સમાજ નેતૃત્વ કરશે.વધુમાં અલ્પેશ ઠાકોરે કેટલાક નેતાઓ પર કટાક્ષ કર્યો હતો અને સમાજના કેટલાક નેતાઓને જે મંત્રી પદ મળ્યું છે તે માત્ર ક્ષત્રિય સેનાના કારણે મળ્યું છે એવું જણાવ્યું હતું.અને આગામી વિધાનસભા ચૂંટણીઓમાં ઠાકોર સેના ગુજરાતની રાજનીતિમાં ઘણો બદલાવ લાવશે અને ૨૬ મી જાન્યુઆરીના રોજ ઠાકોર સમાજનો મુખ્યમંત્રી ધ્વજવંદન કરશે.

# શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા. શાળા ડીસામાં રમતોત્સવનો કાર્યક્રમ યોજાયો

ડીસા

ડીસા શહેરમાં આવેલ શ્રી જે.ડી.અજબાણી સર્વોદય પ્રા. શાળામાં તા.૪/૨/૨૦૧૭ ના રોજ નિમ્ન પ્રાથમિક તેમજ તા.૧૧/૨/૨૦૧૭ ના રોજ ઉચ્ચ પ્રાથમિક (ધો. ૬ થી ૮) ના વિદ્યાર્થીઓનો રમતોત્સવ યોજાયો હતો. બાળકોનો શારીરિક, માનસિક તેમજ સર્વાંગી વિકાસ થાય તેવા હેતુથી દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રમતોત્સવનું આયોજન કર્યુ હતું. જેમાં લીંબુ - ચમચી, ફુગ્ગા દોડ, ત્રિપગી દોડ, મહેંદી સ્પર્ધા, સંગીત ખુરશી, કોથળા દોડ, કબડ્ડી, ખો-ખો વગેરે રમતોનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નિર્ણાયકો દ્વારા દરેક સ્પર્ધામાં ત્રણ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. ભરતભાઈ કાંકરેચી, અનિલભાઈ પટેલ તેમજ નિતેશભાઈ રાઠોડે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. શાળાના આચાર્ય કિશોરભાઈ ત્રિવેદી દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા.

# ગઢ ઝવેરી સ્કૂલ ના ધોરણ દસ બારના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો




દિનેશ રાણા

પ્રતિનિધિ ગઢ

પાલનપુર તાલુકાના ગઢ ખાતે ગઢ કેળવણી મંડળ સંચાલિત ઝવેરી સાર્વજનિક હાઈસ્કૂલ તેમજ માત્તુશ્રી વી. એન જગાણીયા ઉચ્ચત્તર માધ્યમિક શાળા ના ધોરણે દસબાર ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ સોમવારે શાળા પટાંગણમાં યોજાયો હતો. મુખ્ય મહેમાન કે. વી. પટેલ મેમોરિયલ ટ્રસ્ટ ના પ્રમુખ કાનજીભાઈ વી. પટેલ તથા સમારંભ ના અધ્યક્ષ યુ. કે. ગોઠી કેળવણી મંડળના પ્રમુખ ખોડીદાસ પટેલ મંત્રી દેવાભાઈ સાળવી તથા આચાર્ય જે. કે. સુથાર ની ઉપસ્થિતી માં દિપ પ્રાગટય કરાયું હતું. શાળા દ્વારા મહેમાનો નું સ્વાગત કરાયું હતું. બાદ માં વિદાય લેતાં વિદ્યાર્થીઓએ રુણ સ્વીકાર સ્વરૂપે શાળાને બંધ કવરમાં રોકડ રકમ શાળાને ભેટ આપી હતી. તેમજ શાળામાં અભ્યાસ દરમિયાન થયેલા સંસ્મરણો ને વાગોળી શિક્ષકગણ ની અભ્યાસ દરમિયાન થયેલી ભૂલ ની માફી માંગી હતી. શાળા દ્વારા પણ વિદાય લેતાં વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી ભાવભિની વિદાય અપાઈ હતી. આ શાળા ના બાલમંદિર ના આચાર્ય ઉષાબેન રાવલ ને પણ વિદાય પ્રસંગે શાળા પરિવાર દ્વારા ભેટ સોગાદ આપી વીશિષ્ઠ બહુમાન કરાયું હતું. સમગ્ર કાર્યક્રમ નું સંચાલન શાળાના શિક્ષક કનુભાઈ રાવલ તથા ગણપતસિંહ રાજપૂતે કર્યું હતું.

## તંત્રી સ્થાનેથી ...

**સત્ય એ છે જે ત્રણેય કાળમાં એક સરખું જ હોય.**

# શૈક્ષણિક સુધારા

ભારતના ઈતિહાસને સાચી રીતે નથી લખાયો એવી ફરિયાદ નવી નથી. અંગ્રેજી શાસન વખતે અંગ્રેજોના હિતને ધ્યાનમાં રાખીને ભારતનો ઈતિહાસ લખાયો હતો પણ સ્વતંત્રતા પછી તેમાં કોઈ વ્યાજબી સુધારા કરવાને બદલે મતની રાજનીતિ રમવામાં આવી હતી અને વિકૃત ઈતિહાસ ભણાવવાનું ચાલુ રાખવામાં આવ્યું હતું.

દા.ત. મોગલ બાદશાહ અકબરને ધર્મ નિરપેક્ષ ગણાવવામાં આવ્યો હતો. અકબરે માત્ર પોતાનું સત્તા ક્ષેત્ર વધારવાના જ પ્રયાસો નહોતા કર્યા, બલ્કે આડકતરી રીતે વટાળ પ્રવૃતિ પણ ચલાવી હતી. તે કોઈ રીતે બિનસાંપ્રદાયિક નહોતો. અકબર અન્ય રાજ્યો પર હુમલો કરતાં પહેલાં જે તે રાજ્યોને સંધિ માટે કહેણ મોકલતો. તેની સંધિની શરતોમાં અકબરનું આધિપત્ય સ્વીકારીને ખંડણી આપવાની માગણીનો તો સમાવેશ થતો જ હતો. તે સાથે તે જે તે રાજ્યના રાજાને પોતાની પુત્રી કે બહેનને અકબર સાથે પરણાવી અકબર સાથે પારિવારિક સંબંધો બાંધવાનું સૂચવતો હતો. તે એવું કહેતો કે 'તમારી બહેન કે દીકરી મારી સાથે પરણાવો અથવા મારી સાથે યુદ્ધ કરો.' તે એવું કદી નહોતો કહેતો કે, 'મારી બહેન સાથે લગ્ન કરો અથવા મારી સાથે યુદ્ધ કરો.'

અકબરના સમયમાં હિન્દુઓ પાસે જજિયાવેરો લેવામાં આવતો. આ જજિયાવેરાથી બચવા ઘણા ગરીબ હિન્દુઓ વટલાઈને મુસ્લિમ બની જતા. અલબત, અકબરે પરાણે જેની સાથે લગ્ન કરેલા તે રાણી જોધાબાઈ અને અકબરના દરબારના એક રત્ન ગણાતા બિરબલ ઉર્ફે મહેશદાસજીના

બુદ્ધિપૂર્વકના દબાણને વશ થઈ અકબરે જજિયા વેરો હટાવી દીધો હતો. અકબર પણ આપણા આજના ધર્મ નિરપેક્ષો જેવો દંભી ધર્મ નિરપેક્ષ હતો. તે હમેશા ધર્મ નિરપેક્ષ હોવાનો દેખાવ કરતો એવી પણ એક માન્યતા છે. અકબરનું ચરિત્ર વિવાદાસ્પદ ગણી શકાય તે માટેનું પ્રમાણ બે જુદી જુદી ટીવી ચેનલો પર હાલમાં ચાલી રહેલી બે ધારાવાહિકો પરથી મળે છે. એક ધારાવાહિક મહારાણા પ્રતાપ અંગે છે, જેમાં અકબરને ક્રુર શાસક બતાવાયો છે અને બીજી ધારાવાહિક અકબર અને રાણી જોધાબાઈ વિશે છે તેમાં અકબરને ન્યાયપ્રિય બતાવાયો છે. આમાંથી કઈ ધારાવાહિકની ઘટનાને સાચી માનવી ? અકબર યા તો ધર્મનિરપેક્ષ હતો અથવા તો નહોતો ? આ બે અલગ અલગ ધારાવાહિકોના વિચારવસ્તુ અકબરને આ રીતે વિવાદાસ્પદ બતાવે છે. અલબત, આ ધારાવાહિકોમાં એવું જણાવાય છે કે તેમની ધારાવાહિકની કથા ઐતિહાસિક તથ્યોનો દાવો નથી કરતી. ઈતિહાસ સાથે છેડછાડ કરવાની આ રીતે છૂટ અપાઈ રહી છે. ઐતિહાસિકતાના દાવા વગર ઐતિહાસિક કથાઓ પ્રસારિત-પ્રગટ કરવાની મંજુરી કેવી રીતે આપી શકાય ? આ બન્ને ધારાવાહિક જુની સરકારના સમયથી ચાલી રહી છે. અકબરની વાત અહીં દૃષ્ટાંતરૂપ કહી છે. અનેક ઘટનાઓ છે જેમાં ઐતિહાસિક છેડછાડ કરીને શાળા-કોલેજોમાં ભણાવાય છે. ખોટો ઈતિહસ ભણાવાઈ રહ્યો હોય તો સરકારની ફરજ થઈ પડે છે કે તેમાં સુધાર લાવે. ઈતિહાસને રાજનીતિ સાથે-ખાસ કરીને મતલક્ષી રાજનીતિ સાથે જોડવો જોઈએ નહીં.

કેન્દ્રમાં ભાજપની સરકાર આવ્યા પછી શૈક્ષણિક સુધારા હાથ ધરવામાં આવ્યા છે, તે આવકાર્ય છે. એની પર ખોટો વિવાદ ઉભો કરવાને બદલે ઐતિહાસિક સંદર્ભના સંશોધનમાં મદદ કરવી જોઈએ. જેથી સાચો ઈતિહાસ ઉજાગર થાય અને સુધારા દ્વારા ફરી કોઈ ભૂલ પણ ન થાય.

## રાની મુખર્જી યશરાજ બેનર ફિલ્મથી વાપસી કરવા તૈયાર

મુંબઈ

ફિલ્મ અભિનેત્રી રાની મુખર્જી લાંબા ગાળા બાદ બોલિવુડની ફિલ્મમાં ફરી એકવાર વાપસી કરનાર છે. પુત્રી આદિરાના જન્મ બાદ તે લાંબા સમય પછી વાપસી કરવા જઈ રહી છે. રાની ફરી ફિલ્મી એક્ટિંગ કરશે કે કેમ તેને લઈને છેલ્લા કેટલાક સમયથી ચર્ચા ચાલી રહી હતી. હવે જાણવા મળ્યુ છે કે રાની પણ અન્ય વિતેલા વર્ષોની અભિનેત્રીની જેમ બીજી ઈનિંગ્સ રમવા માટે તૈયાર છે. યશરાજની ફિલ્મ મારફતે તે ફરી એન્ટ્રી કરનાર છે. ફિલ્મનુ નામ હાલમાં તો હિચક રાખવામાં આવ્યુ છે. જો કે ફિલ્મના નામને મોડેથી બદલી શકાય છે. યશરાજ પ્રોડક્શનના બેનર હેઠળ બનનાર આ ફિલ્મનુ નિર્દેશન સિદ્ધાર્થ પી મલહોત્રા કરશે. રાની મુખર્જીએ છેલ્લે મર્દાની નામની ફિલ્મમાં એક પોલીસ અધિકારીની શાનદાર ભૂમિકા અદા કરી હતી. ત્યારબાદ પુત્રીને સમય આપવાના હેતુથી રાની મુખર્જીએ થોડાક સમય માટે ફિલ્મમાંથી બ્રેક લેવાનો નિર્ણય કર્યો હતો. ૩૮ વર્ષીય મુખર્જીએ એક નિવેદન જારી કરીને કહ્યુ છે કે તે એક એવી ફિલ્મની પટકથાની શોધમાં હતી જે તેને વધારે સંતોષ આપી શકે છે. તેને રોમાંચિત કરી શકે તેવી પટકથાની જરૂર હતી. રાનીએ કહ્યુ છે કે દરેક વ્યક્તિ પોતાની નબળાઈને છુપાઈને રાખવા માટે હમેંશા પ્રયાસ કરે છે. સાથે સાથે પીછો છોડાવવા પ્રયાસ કરે છે. ફિલ્મ હિચકી તેની કેરિયર માટે મોટી ફિલ્મ તરીકે છે. રાનીએ કહ્યુ છે કે અમારી નબળાઈ અમારા સપનાની સામે અડચણ બની શકે નહી.

### આત્મચિંતન

## ધર્મવૃત્તિની અવગણનાથી માનસિક કલેશ

મનુષ્યના મનમાં અનેક વૃતિઓ હોય છે-સ્વાર્થવૃત્તિ, ભોગવૃત્તિ,દંઘવૃત્તિ, ધર્મવૃત્તિ વગેરે. જ્યારે કોઈ સમસ્યા સામે આવે છે ત્યારે આ જુદી જુદી વૃત્તિઓ વચ્ચે સંઘષ થવા માંડે છે. જ્યારે વૃત્તિનું વધારે પ્રમાણ અથવા પ્રભુત્વ હોય છે ત્યારે તેવો જ નિર્ણય થઈ જાય છે. મન શાંત તથા સંતુલિત અવસ્થામાં આવતા જ પાશવિક વૃત્તિઓના નિર્ણયની અસત્યતા પ્રગટ થઈ જાય છે. અને ત્યારે ધર્મબુદ્ધિ પોતાનો દિવ્ય પ્રકાશ બતાવે છે.આમાં ભોગવૃત્તિઓની બિન-ઉપયોગીતા તથા નીરર્થકતા પ્રગટ થઈ જાય છે. પ્રશ્ચાતાપ થાય છે અને ધર્મબુદ્ધિ આ ખરાબ કાર્યની સજા આપે છે. મનુષ્ય પોતાને જ દુ:ખ થાય છે. આત્મા હીનતાના ફળ સ્વરૂપે અનેક વ્યક્તિઓ આત્મહત્યા પણ કરી લેતી હોય છે.

ધર્મવૃત્તિના પાલનથી ચરિત્ર્યમાં સદગુણોનો વિકાસ થાય છે ધર્મવૃત્તિનું સુખ અમલમાં છે, ફક્ત જ્ઞાનમાં નહી .ધર્મને દૈનિક જીવનનો આધાર બનાવી લેવાથી જ જીવન સુખદાયક અને ફળદાયક બનાવી શકાય છે. જ્યારે આપ પૂરી રીતે શાંત રહો છો, ત્યારે આપના મન મંદિરમાં ભગવાનનો ઉદભવ થાય છે અને તે આપને સાચી સલાહ આપે છે. એ પ્રમાણે જ હંમેશા આગળ વધતા રહેવું જોઈએ.

**ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## બોમન ઈરાણીએ તેના પ્રથમ મિમિક્રી શો વિશે દર્શકોને માહિતગાર કર્યા!



બોમન ઈરાણીએ એક પછી એક અદભુત પરફોર્મન્સ સાથે હિંદી ફિલ્મોદ્યોગમાં પોતાની આ"વી ઓળખ ઊભી કરી છે. જોકે દર્શકો સામે પોતાની સંભાવના ઉજાગર કરવા માટે તેણે લાંબો સમય સુધી વાટ જોવી પડે છે અને તે માટે તેણે બહુ નાની ઉંમરથી તૈયારીઓ શરૂ કરી હતી.સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર બાળકોનો આગામી રિયાલિટી સો સબસે બડા કલાકારના ફોટોશૂટ દરમિયાન હાલમાં બોમને એવું જાહેર કર્યું હતું કે તે સ્કૂલના દિવસોમાં મિમિક્રી કલાકાર હતો. રસપ્રદ રીતે તેણે સ્કૂલમાં સૌ પ્રથમ પરફોર્મન્સ પ્રિન્સિપાલની મિમિક્રી સાથે કર્યો હતો.બ્રેક્સ દરમિયાન તે સ્કૂલના પ્રિન્સિપાલની નકલ કરતો હતો અને આખો ક્લાસ હસતો હતો. જોકે એક દિવસ તેણે આવું કર્યું ત્યાર પ્રિન્સિપાલ દરવાજાની બહાર જ ઊભા હતા અને તે જાણતો નહોતો, પરંતુ પ્રિન્સિપાલને જોતાં જ ફફડી ઊઠ્યો હતો, પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે આ રીતે નકલ કરવા પ્રિન્સિપાલે ઠપકો આપ્યો નહોતો, પરંતુ આવી "તિભા ધરાવવા બદલ શાબાશી આપી હતી અને નકલ ચાલુ રાખવાની સલાહ આપી હતી. મને તે સૌથી મોટું પ્રોત્સાહન મલ્યું હતું અને આજે જજ તરીકે સબસે બડા કલાકારના બધા બાળ સ્પર્ધકોને હું તે જ પ્રોત્સાહન આપવા માગું છું. જોતા રહો સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર સબસે બડા કલાકાર.

## કિશોર કુમારને હું મળી ન શક્યો જેનો મને જીંદગીભર અફસોસ રહેશે : કુમાર સાનૂ



કુમાર સાનુએ ૧૯૮૬માં બાંગ્લાદેશી ફિલ્મમાં પ્લેબેક સિંગર પોતાના કેરિયરની શરૂઆત કરી હતી, તેઓ કિશોરકુમારના ગીતોની નકલ કરવાબાબતે જાણીતા હતા.પોપ્યુલર પ્લેબેક સિંગર કુમાર સાનૂએ એક જ દિવસમાં ૨૮ ગીતો રેકોર્ડ કરીને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નામ નોંધાવ્યુ છે અને પોતાના ફેન્સ માટે લાઈફટાઈમ સાંભળવા માટે કેટલાક શાનદાર ગીતોપણ આપ્યા છે. કુમાર સાનુ ને બીજા કિશોરકુમાર પણ કહેવામાં આવતાં હતા.૨૦,૦૦૦થીપણ વધું ગીતો ગાયા બાદ આજે તેમને કોઈ પ્રકારના પરિચયની જરૂરત રહી નથી.પોતાની જૂની યાદો તાજી કરતા કુમાર સાનુએ જણાવ્યું હતુ કે, મને જીંદગીભર એબાબતનો અફસોસ રહેશે કે હું એ માણસને ન મળી શક્યો જેના હું ગીતો ગાતો હતો. અનેજેઓના ગીતોએ મને આટલી પ્રસિદ્ધિ આપાવી.ઝી ક્લાસિક આ શનિવારે ૪ માર્ચ સાંજે ૭ વાગ્યે 'માય લાઈફ માય સ્ટોરીમાં કુમાર સાનુ સાથેના કેટલાક ઈન્ટ્રેસ્ટીંગ પળો રજૂ કરશે.

## ઈન્ડિયન આઈડલ ૯ના સ્પર્ધકોને દિગ્ગજ પંડિત જસરાજને મળવાનો મોકો



સોની એન્ટર ટેઈનમેન્ટ ટેલિવિઝન પર ઈન્ડિયન આઈડલ ૯ના સ્પર્ધકોને કાંઈક ખાસ મળવાનું છે. તેમના સ્થાનિક કોચ આનંદ શર્માએ તેમને માટે આ ખાસ અવસર શક્ય બનાવ્યો હતો. શર્માએ આ સ્પર્ધકોને તાલીમદ્ધ કર્યા છે અને તેમના સૂરને સૂરીલો બનાવ્યો છે. તેણે મહાન શાસ્ત્રીય "ાયક અને પોતાના દાદા શ્રી પંડિત જસરાજજી સાથે આ સ્પર્ધકોની મિટિં" "ોઠવીને તેમને સરપ્રાઈઝ આપ્યું. આ અવસર તેમને માટે યાદ"ાર બની રહ્યો છે. એલ વી રેવંથે કહ્યું, મને પંડિત જસરાજજી સામે "ાવાનો મોકો મળ્યો અને તેમની પાસેથી શીખવા મળ્યું તે મારું સદભાગ્ય માનું છું. આ બધું આનંદ સર અને ઈન્ડિયન આઈડલના ક્રુને લીધે શક્ય બન્યું છે. તેઓ લીજન્ડ છે અને તેમની સાદગી, માનવતા અને મહેમાનગતી અમને માણવા મળી હતી. પંડિતજીએ અમને દરેકને શાંતિથી સાંભળ્યા હતા. તેમણે અમને એક ટિપ પણ આપી હતી કે આ દુનિયામાં કોઈ પણ પરફેક્ટ નથી. મહેનત કરતા રહો,પ્રેક્ટિસ કરતા રહો, કારણ કે આમાં વિજેતા અને પરાજિત કોઈ નથી. મેં પંડિતજી સામે લાલ ઈશ્ક ગીત ગાયું હતું. તેમણે મને કહ્યું, જીતે રહો. યાદગીરીમાં તેમણે અમને દરેકને શાલ આપી હતી, જે અમારે માટે ઓસ્કર કે મારા "થમ બોલીવૂડ પુરસ્કાર સમાન છે.જોતા રહો ઈન્ડિયન આઈડલ ૯, દર શનિવાર અને રવિવાર, રાત્રે ૮.૦૦, ફક્ત સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર!

## સ્વચ્છ ઊર્જા ઉત્પાદનનું અભિયાન તીવ્ર બન્યું

વિશ્વના એક પ્રતિષ્ઠિત ટેકનીકલ પ્રકાશન એમ.આઈ.ટી.ટેકનોલોજી રિવ્યુએ તાજેતરમાં દાવો કર્યો છે કે વાયુ પ્રદુષણના ધોરણો મુજબ ભારતની સ્થિતિ દુનિયામાં સૌથી ખરાબ છે.છેલ્લાં ઘણાં વર્ષોમાં આ બાબતે ચીનને વિશ્વમાં સૌથી અધિક વાયુ પ્રદુષણથી ગ્રસ્ત અને સૌથી વધુ "દુ"ાણ ઉત્પન્ન કરનાર માનવામાં આવતું હતું. કદાચ એ કારણે જ આ તરફ કોઈનું ધ્યાન ન હતું કે વાયુ પ્રદુષણ બાબતે વિકસિત અને સંપન્ન દેશોમાં ભારત પણ અગ્રણી છે. આવું અચાનક નથી થયું કે ભારત પ્રદુષણ ફેલાવનાર દેશોમાં આગળ નીકળી ગયું હોય, પરંતુ આ સ્થિતિ એટલા માટે આવી પડી છે કે ચીને તેના દેશમાં પ્રદુષણને પહોંચી વળવા માટેના પ્રયત્નો વધારી દીધા છે. તાજેતરના વર્ષોમાં, ખાસ કરીને વર્ષ ૨૦૧૫માં યોજાયેલ પેરિસ જળવાયુ સંમેલન (સી.ઓ.પી.૨૧) પછી, ભારત અને ચીને ઊર્જા ઉત્પાદનની સ્વચ્છ પધ્ધતિની દિશામાં વિશષ કામ અને નીતિઓ ઘડવાનું શરૂ કરી દીધું છે. પેરિસ સંમેલન અગાઉ, ભારત તરફથી ઊર્જા ઉત્પાદનમાં સ્વચ્છ (એટલે કે પ્રદુષણ રહિત) પધ્ધતિથી ઉત્પાદિત ઊર્જાની માત્રા વધારવાના "યત્ન શરૂ થયા, અને એ લક્ષ્યાંક રાખવામાં આવ્યું કે વર્ષ ૨૦૩૦ સુધી કુલ ઊર્જા ઉત્પાદનના ૪૦ ટકા નવીનીકૃત અને ઓછા કાર્બન ઉત્સજર્નવાળા સ્ત્રોતો દ્વારા કરાશે, જેમાં સૂર્ય, પવન અને અણુ ઊર્જા સામેલ છે.આ સ્વયં એક દૂરદર્શી નિર્ણય છે. હકિકતમાં આ વિશ્વમાં તેના પ્રકારની એક સૌથી મોટી યોજના છે. જેના દ્વારા વીજળી ઉત્પાદનથી વાયુ પ્રદુષણ ઘટાડવાનો "યત્ન થઈ રહ્યો છે. અને આના પરિણામે, ભારતમાં માત્ર વાયુ, ભૂમિ અને જળ પ્રદુષણ જ નહીં ઘટાડી શકાશે પરંતુ દેશભરના કાર્બન ઉત્સજર્નના સ્તરને (જેને કાર્બન ફુટપ્રિન્ટના નામે ઓળખવામાં આવે છે) પણ ઘણું જ ઓછું કરી શકાશે. આ મુજબ ચીનમાં પણ સ્વચ્છ ઊર્જા ઉત્પાદન તરફના "ભીરપણે "યાસ કરવામાં આવી રહ્યા છે, અને ત્યાં ફોસિલ ઈંધણ જેમ કે કોલસાનો ઉપયો" ઘટાડવામાં આવી રહ્યો છે. તાજેતરના મહિનાઓમાં, ચીને ઘણાં કોલસા આધારિત પ્લાન્ટની દરખાસ્તોને ફગાવી દીધી છે, અને એની સાથેજ એવા ઘણાં પ્રચલિત પ્લાન્ટોને પણ બંધ કરી દેવામાં આવ્યા છે. આવા જ એક નઅપેક્ષિત નિર્ણયમાં ચીને કોલસાની આયાત બંધ કરી દીધી છે, અને તબાવાર રીતે કોલસાનું ઘરેલું ઉત્પાદન પણ બંધ કરવાનો નિર્ણય કર્યો છે.

વિશ્વભરમાં વીજળી ઉત્પાદનની પધ્ધતિ બાબતે એક નઅપેક્ષિત પરિવર્તન આવવાનું શરૂ થયું છે, અને આ "ક્રિયા પાછલા બે-ત્રણ વ"ામાં ઝડપી બની છે. આ પરિવર્તનને કારણે કાર્બન આધારિત "દુ"ાણ વધારનાર તેમજ જળવાયુને બદલનાર ઈંધણોના ઉપયો"ને બદલે સ્વચ્છ ઊર્જાના વિકલ્પોપર ભાર મૂકવામાં આવી રહ્યો છે. જેનાથી ઓછા કાર્બન ઉત્સજર્ન સાથે વીજળીનું ઉત્પાદન કરી શકાય.

## ચૌધરી ફિલ્મ્સ દ્વારા પ્રથમ હિન્દી વેબ સિરીઝ 'કોમેડી નાઈટ્સ વીથ કપિલા'ની રજૂઆત'



અમદાવાદ

ઈન્ડસ્ટ્રીમાં છેલ્લા ૮ વર્ષથી કાર્યરત ચૌધરી ફિલ્મ્સ પ્રા. લિ.એ આજે તેની નવી હિન્દીકોમેડી વેબ સિરીઝ 'કોમેડી નાઈટ્સ વીથ કપિલા'ની રજૂઆત કરી હતી.જાણીતા ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર અલ્પેશ ચૌધરી દ્વારા નિર્દેશિત આ નવી હિન્દી કોમેડી વેબ સિરીઝ 'કોમેડી નાઈટ્સવીથ કપિલા' ને ૫ માર્ચ, ૨૦૧૭થી યુટ્યુબ પર ટેલિકાસ્ટ કરવામાં આવશે. આ વેબ સિરીઝ કે જે અલ્પેશ ચૌધરી દ્વારા નિર્દેશિત કરાઈ છે અને અલ્પેશ ચૌધરી તથા મનીષ ચૌધરી દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે તે દર ૧૫ દિવસે ટેલિકાસ્ટ કરવામાં આવશે. 'અમારી વેબ સિરીઝનુ મુખ્ય લક્ષ્ય યુવાનો છે.શરૂઆતમાં અમે આ વેબ સિરીઝની પ્રથમ સિઝનના ૧૦ એપિસોડ ટેલિકાસ્ટ કરવાનું આયોજન કર્યું છે. અનેક અર્બન ગુજરાતી ફિલ્મો જેમકે 'કંઈક કરને યાર' વગેરેમાં સામેલ રહેલ શિવાની પાંડે આ સિરીઝમાં 'કપિલા'ના મુખ્ય પાત્રમાંછે અને અમને ખાતરી છે કે અમારી વેબ સિરીઝનો મજબૂત સંદેશ અને જાણીતા કલાકારોનું પર્ફોર્મન્સ ચોક્કસપણેયુવાનોનું હૃદય જીતશે. હાલના દિવસોમાં યુવાનો મોટાભાગે ઓનલાઈન શો કે સિરિયલ્સ જોવાનું લાંબા રોજનાડેઈલી સોપ્સ જોવાના બદલે પસંદ કરશે. તેથી અમે આ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવાનું વિચાર્યું કે જેથી યુવાનો સુધી પહોંચી શકાય.'

આ ફિલ્મનું મુખ્ય પાત્ર શિવાની પાંડે કે જે અનેક બ્રાન્ડ્સની ટીવીસીમા સામેલ રહી છે. અન્ય પણ કેટલાક કલાકારોજેમકે જયવિજય સચીન, ઉષા ભાટિયા, જિતુ પંડ્યા અને રાકેશ પુજારા પણ આ વેબ સિરીઝમાં મહત્ત્વના રોલમાંનજરે પડશે.કોમેડી નાઈટ્સ વીથ કપિલા દ્વારા, અલ્પેશ ચૌધરી કે જેઓ જાણીતા ગુજરાતી ફિલ્મ ડિરેક્ટર છે તેઓ ટીવી સિરિયલ્સઅને ફિલ્મો બનાવવામાં વ્યસ્ત છે અને તેઓ હવે વેબ સિરીઝની દિશામાં પ્રવેશી રહ્યા છે. ભૂતકાળમાં અલ્પેશભાઈએઅનેક ગુજરાતી ફિલ્મો જેમકે 'હા હુ દીકરીનો બાપ', 'તારો સૂર મારા ગીત' અને ટીવી સિરિયલ્સ જેમકે 'પ્રેમનાપારખા' (દુરદર્શન), અનસ્ટોપેબલ ક્રાઈમ (જીટીપીએલ), ક્રાઈમ કવરેજ (વીટીવી ન્યૂઝ) અને કમ ઓન રોમિયોનું પ્રોડ્યુસ કર્યું છે.ચૌધરી ફિલ્મસન મહત્ત્વના આગામી પ્રોજેક્ટ્સમાં સત્યવાદી હરિશચંદ્ર અને બોલિવૂડ સ્ટાઈલ ગુજરાતી મૂવી - કોલેજડે સામેલ છે.

## કલ્યાણ જ્વેલર્સ દુબઈમાં ૧૦૦ ખુશનસીબ યુગલો સાથે ઉજવ્યો વેલેન્ટાઈન્સનો અવસર

કલ્યાણ જ્વેલર્સ, જે ભારતનું સહુથી વિશ્વસનીય અને અગ્રણી ઝવેરાત બ્રેન્ડ છે, તેને દુનિયાભર માંથી ૧૦૦ યુગલો ને સાથે લાવવી ને કલ્યાણ જ્વેલર્સની બ્રેન્ડ એમ્બેસેડર અને બોલિવૂડ અભિનેત્રી સોનમ કપૂર સાથે દુબઈમાં ભવ્યતાથી વેલેન્ટાઈન્સ ડેનો અવસર ઉજવ્યો. કલ્યાણ જ્વેલર્સ દ્વારા એક સ્પર્ધા યોજવા માં આવી હતી જેમાં થી ભારત અને મધ્ય એશિયાના દેશોમાંથી ૧૦૦ ખુશનસીબ યુગલો ને વિજેતા ચુનવા માં આવ્યા હતા. વેલેન્ટાઈન્સ દે ના રોમાંચક અવસર પર કલ્યાણ જ્વેલર્સએ ભારત, કુવૈત, કતાર અને સંયુક્ત અરબ એમિરાત ના દેશો માં એની શાખાઓ દ્વારા દિલના આકારના પેન્ડન્ટ, બુટીઓ અને ચેનનો સુંદર કલેક્શન લોન્ચ કર્યો હતો. આ લોન્ચ સાથે એક અદ્ભૂત તક આપવામાં આવી હતી કે જેમાં ખુશનસીબ ગ્રાહકોને આ સુંદર કલેક્શનની ખરીદી પરથી દુબઈમાં સોનમ કપૂરને મળવાની તક મળી શકે તેમ હતી. "સોનમ કપૂર ને દુબઈ બોલાવી ને આ અવસર યોજવા પાછળ અમારો હેતુ હતો કે અમારા ગ્રાહકો અમારા બ્રેન્ડ એમ્બેસેડર ને રૂબરૂ મળી ને એમની વિશિષ્ટતા અને વિશ્વાસપાત્રતા નો અનુભવ કરી શકે, જે ટીવી અથવા અન્ય માધ્યમ થી શક્ય નથી. આવું પેહલી ફેરે બન્યું છે કે કોઈ ઝવેરાત બ્રેન્ડએ વિવિધ-દેશી અભિગમ દ્વારા એના ગ્રાહકો ને આવો અદ્ભૂત અનુભવ મેળવવા નો તક આપ્યો હોય. આ પ્રોગ્રામ થી વેલેન્ટાઈન ની એ ભાવના જાળવી રાખવા ની એક કોશિશ કરવા માં આવી છે કે જેમાં આ દિવસે પોતા ના પરિવાર અને પ્રિયજનો સાથે મનાવવા માં આવે. ડિજિટલ માધ્યમો થી ભલે બ્રેન્ડ અને તેના ખ્યાતનામ એમ્બેસેડર ને ગ્રાહકો ના જીવન ની નજીક આવ્યા હોય પણ અમારા આ પ્રયાસ દ્વારા અમે ખ્યાતનામ વ્યક્તિઓ અને ગ્રાહકો ને રૂબરૂ મળવા નો તક આપીયે છીએ અને કલ્યાણ બ્રેન્ડ ની વિશેષતા વધારીએ છીએ."

## રાધાબાઈ બની બાજીરાવની શિક્ષિકા



બાજીરાવમાંથી પેશવા બાજીરાવમાં રૂપાંતર અથવા મરાઠા સામ્રાજ્યનો પાયો મહાન પેશવા એ પ્રેરણાદાયી વારતા છે. સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પેશવા બાજીરાવે ઐતિહાસિક વારતાના અસલ આલેખન સાથે દર્શકો જોડે ઉત્તમ જોડાણ સ્થાપિત કરી દીધું છે ત્યારે આગામી એપિસોડમાં બાજીરાવને તેની માતા રાધાબાઈ દ્વારા પ્રથમ મહત્ત્વપૂર્ણ પાઠ ભણાવવામાં આવશે. બાજીરાવ સ્વરાજ પાછું મેળવવા માટે આખા ક્લાસને એકત્ર કરવાનો પ્રયાસ કરે છે ત્યારે તેનો શિક્ષક આવા વર્તન વિશે રાધાબાઈને ફરિયાદ કરે છે.જોકે રાધાબાઈ સ્પષ્ટ કરે છે કે જો શિક્ષકને તેના વિદ્યાર્થીઓનાં સપનામાં વિશ્વાસ ન હોય તો તે ખરો શિક્ષક બનતો નથી. તે દઢતાથી તેના શિક્ષકને સંભળાવી દે છે કે પોતે બાજીરાવને શીખવશે અને તે માટે તેણ` સ્કૂલમાં ભણવાનું જરૂરી નથી. બાજી વિચારમાં પડી જાય છે કે આખરે માતા તેને કેવા પાઠ ભણાવશે ત્યારે રાધાબાઈ તેને કહે છે કે માનવી, સૈનિક અને મહાન નેતાની ત્રણ અલગ અલગ ભૂમિકાને અનુકૂળ મહત્ત્વપૂર્ણ પાઠ તેણે ભણવાના છે.શોની આગામી વારતામાં રાધાબાઈ બાજીરાવને વિશાળ સૂકી ખેતી કઈ રીતે સાફ કરવી અને તેની પર મરચાંના છોડ કઈ રીતે વાવવાં તે શીખવે છે. બાજીરાવની બહેન ભીયુ આ જોઈને સ્તબ્ધ રહી જાય છે. શું . બાજીરાવ રાધાબાઈ દ્વારા આપવામાં આવેલું "થમ કામ સફળતાથી પાર પાડશે અને અત્યંત મહત્ત્વપૂર્ણ બોધ શીખી શકશે?

જોતા રહો સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર પેશવા બાજીરાવ, દર સોમવારથી શુક્રવાર, સાંજે ૭.૩૦ વાગ્યાથી!

## કીર્તી ગાયકવાડ કેલકર ૭ વર્ષના અવકાશ પછી સીમર ટીવી તરીકે પાછી ફરે છે



કલર્સનો ફેમીલી ડ્રામા સસુરાલ સીમર કા દર્શકોને લગભગ ૬ વર્ષથી મનોરંજન પુરૂં પાડવાની સાથે ભારતીય ટેલી.પરના સૌથી લોકપ્રીય અને સૌથી લાંબા સમયથી ચાલી રહેલ શોઝમાંનો એક છે. શો મારફત સીમર એક પ્રતી-કાત્મક પાત્ર બની ગઈ અને દુનિયાભરમાં દર્શકોની લાગણીઓ પર ચાબખા મારનાર રહી. તાજેતરમાં દીપીકા કક્કર જેણે ભારદ્વારા પરીવારમાં સીમરનના ડગમગતા સંબંધનું સુંદર રીતે નિરૂપણ કર્યુ. શોમાંથી વિદાય લીધી છે. હવે સીમરના વારસાને આગળ લઈ જનાર હશે કીર્તી ગાયકવાડ કેલકર. ગત કેટલાક વર્ષ દરમ્યાન કીર્તીએ પોતાના પારીવારીક જીવન પર ધ્યાન કેન્દ્રીત કરવાનું પસંદ કર્યું હતું પણ હવે સસુરાલ સીમર કા પર સીમર તરીકે કીર્તી ૭ વર્ષ પછી કીર્તી ટેલીવિઝન પર પોતાનું ખુબ જ આતુરતા પુર્વક રાહ જોવાઈ રહેલ કમબેક કરી રહી છે. ટેલીવિઝનના ગત કેટલાક વર્ષોમાં ખુબ જ બદલાઈ ગયું છે.ઘણાં બધાં વિષયવસ્તુઓ અને સ્વરૂપો આવ્યાં છે. દર્શકો પણ કથારેખા અને વર્ણનો માટે આવકારવામાં આવે છે. જે અગાઉ અશકય જેવું હતું. વર્ષો વીતવાની સાથે પરીવારે મોખરાનું સ્થાન લીધું છે અને હું આ બાબતે ખુશ હતી. સીમર તરીકે કીર્તીના પ્રવેશ સાથે દર્શકો કેટલાક રસપ્રદ વળાંકો તથા દર્શકો માટે કેટલાંક નવા આશ્ચર્યોને પણ જોશે. પોતાના પતિ, બાળકો અને પરીવાર સાથે સીમરનના સંબંધો તેઓને તમામ હાનીઓથી બચાવવાની તેણીની દ્રઢતા અને નિર્ધારને મજબુત બનાવતા રહેશે. જાણવા માટે સોમથી રવિવાર સાંજે ૭.૩૦ કલાકે કલર્સ પર સસુરાલ સીમર કા જોવાનું ચુકશો નહીં.

## અમેઝોને સ્ત્રીઓને બ્રેક પછી તેમના વ્યાવસાયિક પ્રવાસમાં ફરીથી જોડાવા માટે પ્રોત્સાહન આપવા રિકિંડલ લોન્ચ કર્યું

બેન્ગલોર

મહિલા દિવસ નજીક આવી રહ્યો છે ત્યારે વ્યાવસાયિક બ્રેક લીધેલી સ્ત્રીઓને તેમની કોર્પોરેટ કારકિર્દીમાં ફરીથી જોડાવા માટે પ્રોત્સાહન આપવા રિકિંડલ પહેલ રજૂ કરવાની જાહેરાત અમેઝોને કરી છે. આ પહેલ થકી અમેઝોન વ્યાવસાયિક રીતે ફરીથી જોડાવા માગતી અને ફરી પોતાનું કામ શરૂ કરવા માગતી સ્ત્રીઓને ટેકો આપવાની તક પૂરી પાડવાનું અમેઝોનનું લક્ષ્ય છે. માળખાબદ્ધ ઓન-બોર્ડિંગ, કેન્દ્રિત મેન્ટરિંગ, સાનુકૂળ કામના વિકલ્પો અને કામ વિશે શીખ એ રિકિંડલનાં મુખ્ય તત્ત્વો રહેશે, જે ઉમેદવારોને ભૂમિકા માટે આવશ્યક સક્ષમતાઓ વિકસાવવામાં મદદરૂપ થશે.સ્ત્રી કર્મચારીઓને ફરીથી કામે જોડાવા અને કાર્યસ્થળે આસાનીથી એકીકૃત થવા માટે સશક્ત બનાવવાના લક્ષ્ય સાથે અમેઝોન તેમની મૂંઝવણોને પહોંચી વળતું અને કુશળતા વચ્ચેનું અંદર વિશિષ્ટ રીતે દૂર કરવાનું છે. .સ્ત્રીઓને તેમના વ્યાવસાયિક પ્રવાસમાં ફરીથી જોડવાના હેતુ સાથે રિકિંડલ પ્રોગ્રામ પિછાણેલા હોદ્દાઓ માટે નોકરીની આવશ્યકતાઓ સાથે સુમેળ સાધતો પૂર્વ અનુભવ ધરાવતા કોઈ પણ ઉમેદવાર માટે ખુલ્લો છે. ઉમેદવારોએ ટેલિફોન ઈન્ટરવ્યુ અને ઘણા બધા વ્યક્તિગત ઈન્ટરવ્યુનો સમાવેશ ધરાવતી માળખાબદ્ધ આકલન પ્રક્રિયા હેઠળ પસાર થવું પડશે. આ ઈન્ટરવ્યુ દરમિયાન તેમની કામગીરીને આધારે જે તે હોદ્દા માટે તેમને લેવા અંગેનો આખરી નિર્ણય લેવાશે. ચૂંટાયેલા ઉમેદવારોને ઓન-બોર્ડ લેવાય છે. અમેઝોન.ઈન તેમને અમેઝોન સંસ્કૃતિ અને રિકિંડલ મેન્ટરિંગ પ્રોગ્રામ સાથે વેપારમાં સામેલ થવામાં મદદ કરશે. આ મેન્ટરિંગ સહભાગમાં ૫ મહિના સુધી ઘણા બધા વિકાસકીય વાર્તાલાપોનો સમાવેશ રહેશે, જ્યાં દરેક પિછાણેલાં ક્ષેત્રો પર પ્રગતિશીલ રીતે કામ કરાય છે.

## એમવે ઈન્ડિયાએ ન્યૂટ્રીલાઈટ ફ્રૂટ ડ્રિંકના લોન્ચ સાથે તાજગીપૂર્ણ પીણાંની બજારમાં પ્રવેશ કર્યો

મુંબઈ

દેશની સૌથી વિશાળ ડાયરેક્ટ સેલિંગ એફએમસીજી કંપની એમવે ઈન્ડિયાએ ન્યૂટ્રીલાઈટ ફ્રૂટ ડ્રિંક મિક્સ સાથે તાજગીપૂર્ણ પીણાંની બજારમાં પ્રવેશ કર્યો છે. એમવે ઈન્ડિયાએ પહેલી જ વાર ભારતમાં તાજગીપૂર્ણ પીણાંની બજારમાં તેની ન્યૂટ્રીલાઈટના બ્રાન્ડ નામનું વિસ્તરણ કર્યુ છે. ન્યૂટ્રીલાઈટ ફ્રૂટ ડ્રિંક મિક્સ તેના લેમન લાઈમ ફ્લેવરમાં ૫ ફ્રૂટ એકાગ્રતા ધરાવે છે, જેમાં એસરોલા, પાઈનેપલ, ગ્વાના, કેશ્યુ ફ્રૂટ અને પેશનનો સમાવેશ થાય છે. આ પીણાં કોઈ પ્રિઝર્વેટિવ્ઝ ઉમેરાયાં નથી, તેમાં કૃત્રિમ રંગો નથી કે કૃત્રિમ ફ્લેવર્સ પણ નથી અને તેને ફ્રક્ટોઝથી મીઠાશ આપવામાં આવી છે. ન્યૂટ્રીલાઈટ ફ્રૂટ ડ્રિંકમાં ૮ વિટામિનો છે, જેમાં વિટામિન બી કોષોનો સ્તરે ઊર્જાની નિર્મિતીને ટેકો આપવામાં મદદ કરે છે અને વિટામિન સી જ્ઞાત એન્ટી- ઓક્સિડન્ટ છે. ન્યૂટ્રીલાઈટ ફ્રૂટ ડ્રિંક મિક્સની કિંમત રૂ. ૪૯૦ (બધા કરો સમાવિષ્ટ) રખાઈ છે, જે પ્રત્યેકી ૨૦ ગ્રામનાં ૧૦ સ્ટિક પેક્સના આકર્ષક બોક્સમાં આવે છે.યૂટ્રીલાઈટ ફ્રૂટ ડ્રિંક મિક્સના લોન્ચથી ન્યૂટ્રીલાઈટ બ્રાન્ડને વધુ ગ્રાહકોની રુચિ, મોજ અને મનોરંજક પ્રોડક્ટ ફોર્મેટમાં જોડવામાં અમને મદદરૂપ થશે. એમવે ઈન્ડિયાએ નવા રજૂ કરાયેલાન્યૂટ્રીલાઈટ ફ્રૂટ ડ્રિંક મિક્સને પ્રમોટ કરવા માટે દેશભરના તેના ડાયરેક્ટ સેલરો સાથે રાષ્ટ્રવ્યાપી સહભાગ ઝુંબેશની યોજના બનાવી છે.

## ડેલ દ્વારા ડેલ કેમ્પેસેર્ડસ ને પુરસ્કાર અપાયા



ડેલ દ્વારા કોલેજ કેમ્પસોમાં યોજાયેલા યુવા કેન્દ્રિત ફ્લેગશિપ ભારતવ્યાપી એન્ગેજમેન્ટ પ્રોગ્રામ Dell Campa ssadors બીજી સીઝનની પૂર્ણાહતિમાં તેના ટોચના કેમ્પેસેડર્સનું સન્માન કરાયું હતું. આ પ્રોગ્રામનું લક્ષ્ય યુવાનોને તેમની લગનીને પરિપર્ણ કરવા માટે અને પીસીના ઉપયોગ સાથે નવા યુગની કુશળતાની ખોજ કરવા માટે તકો પ્રૂરી પાડવાનું છે.Dell Campassadors પ્રોગ્રામ ઈન્ટરએક્ટિવ મંચ આપે છે, જેમાં કોલેજ જતા યુવાનો વ્યાવસાયિક દુનિયામાં પગલાં મૂકે તેમ તેમની લગની અને સંભાવનાઓની ખોજ કરે છે. આ વર્ષે પ્રોગ્રામ દેશભરનાં ૪૮ ટિયર ૨ અને ૩ શહેરોમાં યોજાયો હતો, માં એન્જિનયરિંગ,મેનેજમેન્ટ,સાયન્સ અને ગણિતમાં વિશિષ્ટતા ધરાવતી ૯૨ કોલેજોમાં ૧૪૦ કેમ્પસ એમ્બેસેડરોની નિયુક્તિ કરવામાં આવી હતી. દરેક એમ્બેસેડર તેમની સંબંધિત કોલેજોમાં કુશળતા વિકાસ પર ડેલ કેમ્પેસેડર્સની પ્રવૃત્તિઓ માટે મુખ્ય પ્રેરક અને સમન્વયક હતા.આ વિજેતાઓમાં અમદાવાદના જય પારેખ,એલ ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ,બીજો વિજેતા મહંમદ બિન સઈદ બસુલેમાન,ચૈતન્ય ભારતી ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી હૈદરાબાદ.ત્રીજા વિજેતા કરણ વર્મા, ડીએવી ઈન્સ્ટિટયૂટ ઓફએન્જિનિયરિંગ અને ટેકનોલોજી જાલંધર.

ચોથો: પ્રતીક કટારિયા, એમઆઈટી કોલેજ ઓફ એન્જિનિયરિંગ પુણે અને પાંચમો વિજેતા યુગાંત એમ હડિયલ,એલ ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ અમદાવાદ આવ્યા હતા. તેમણે છેલ્લે સુધી સોંપેલી દરેક પ્રવૃત્તિમાં ઊંડો રસ દાખવ્યો હતો અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમના સમોવડિયો સાથે જોડાવા અને સહયોગ સાધવા માટે તેમની ક્ષમતાઓનો ઉપયોગ કર્યો હતો.

## એક જ બ્રાન્ડ સાથે ૧૦૦ કરોડની ડીલ કરનાર કોહલી પ્રથમ ભારતીય ખેલાડી



વિરાટ કોહલી પોતાની યશકલગીમાં એકપછી એક મોરપીંછા ઉમેરી રહ્યો છે. હવે વિરાટ કોહલીએ એક બ્રાન્ડ સાથે ૧૦૦ કરોડથી વધારેની ડીલ કરી છે. આટલી જંગી ડીલ કરનાર તે પ્રથમ ખેલાડી બની ગયો છે. ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ લાઈફ સ્ટાઈલ બ્રાન્ડની સાથે આઠ વર્ષની ડીલ કરી છે. આ ડીલ આશરે ૧૧૦ કરોડની હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

આની સાથે જ તે જમૈકાના સુપરસ્ટાર ઉમેસન બોલ્ટ, અસાફા પોવેલ, ફુટબોલર શિયરી હેનરી અને ઓલિવર ગિરાઉડની યાદીમાં સામેલ થઈ ગયો છે. આઠ વર્ષની આ ડીલ ૨૮ વર્ષીય વિરાટ કોહલીની સમગ્ર કેરિયર દરમિયાન જોડાયેલી રહેશે. આમાં કોહલીને એક રકમની સાથે રોયલ્ટી પણ મળનાર છે. આ તમામ બ્રાન્ડના પ્રદર્શન પર આધારિત રહેશે. કોહલી આ જર્મન કંપનીની સાથે ખેલ અને લાઈફસ્ટાઈલ પ્રોડક્ટસ લોંચ કરશે. આના માટે કોહલીને દર વર્ષે આશરે ૧૨થી ૧૪ કરોડ રૃપિયા મળનાર છે. **અનુસંધાન પાન નં.૬ ઉપર**



**ખેલ ઔર ખેલાડી**

## સ્ટાર ડિવિલિયર્સના વનડે ક્રિકેટમાં ૯૦૦૦ રન પૂર્ણ

**સિદ્ધી સુધી પહોંચવા ૨૦૫ ઈનિગ્સ રમી**
**સૌથી ઝડપથી ૯૦૦૦ રન કરનાર બેટ્સમેન બન્યો છે**

દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન એબી ડિવિલિયર્સે વન ડે ક્રિકેટમાં વધુ એક સિદ્ધી પોતાના નામ પર કરી લીધી હતી. વનડે ક્રિકેટમાં ૯૦૦૦ રન સૌથી ઝડપથી પૂર્ણ કરનાર ખેલાડી તરીકે ડિવિલિયર્સ બની ગયો છે. ૧૮ બેટ્સમેનોએ વનડે ક્રિકેટમાં નવ હજારની સિદ્ધી મેળવી છે. અગાઉ ભારતના સૌરવ ગાંગુલીએ સૌથી ઝડપથી ૨૨૮ ઈનિગ્સમાં ૯૦૦૦ રન પૂર્ણ કર્યા હતા. ડિવિલિયર્સે અન્ય એક સિદ્ધી પણ મેળવી છે. ડિવિલિયર્સે ૯૦૦૦ રન પૂર્ણ કરવામાં ૯૦૦૫ બોલનો સામનો કર્યો છે. અગાઉ આ રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના ધરખમ બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટના નામ પર હતો. ગિલક્રિસ્ટે ૯૩૨૮ બોલમાં આ સિદ્ધી હાંસલ કરી હતી. ૯૦૦૦ રનની સિદ્ધી મેળવી ત્યારે ડિવિલિયર્સની સરેરાશ ૫૩.૮૯ રનની રહી હતી. જે તમામ ૧૮ બેટ્સમેનોમાં સૌથી સારી છે. ધોની ૫૦.૯૬ રનની સરેરાશ ધરાવે છે. જ્યારે અન્ય ૧૬ બેટ્સમેન સરેરાશ ૪૫ની નીચેની સરેરાશ ધરાવે છે. બીજી એક વિશેષતા એ પણ છે કે ડિવિલિયર્સે ૨૦૦૦ રનથી વધારે રન કરનાર તમામ બેટ્સમેનોમાં સૌથી વધારે સરેરાશ ધરાવે છે. વન ડે ક્રિકેટમાં ડિવિલિયર્સે ૧૮૯ છગ્ગા ફટકાર્યા છે. જ્યારે ૯૦૦૦ રન પૂર્ણ કર્યા ત્યારે તેના કરતા વધારે છગ્ગા ફટકારમાં ક્રિસ ગેઈલ અને ધોની તેના કરતા આગળ રહ્યા છે.

આ બન્નેએ ક્રમશ ૨૨૯ અને ૧૯૬ છગ્ગા ફટકારી દીધા છે. ૯૦૦૦ રનની સિદ્ધી મેળવી ત્યારે તેના કરતા એક માત્ર સચિનની વધારે સદી રહી હતી. સચિનની એ વખતે ૨૫ સદી હતી. જ્યારે ડિવિલિયર્સની ૨૪ સદી છે. ડિવિલિયર્સ એકપછી એક વનડે સિદ્ધી મેળવી ચુક્યો છે.

## ન્યુઝિલેન્ડની એમી સેટર્થવેટે સતત ૪ સદીઓ ફટકારી

**ટીમ સ્પીરીટ**

ન્યુઝિલેન્ડ ક્રિકેટ ટીમની ઓલરાઉન્ડર એમી સેટર્થવેટે પોતાના નામે એક નવો રેકોર્ડ સ્થાપિત કર્યો છે, જે સચિન તેંડુલકર અને બ્રાયન લારા પણ નથી બનાવી શક્યા. એમીએ વન-ડે ક્રિકેટ ટીમમાં સતત ચાર સદી ફટકારી છે. મહિલા ઈન્ટરનેશનલ ક્રિકેટમાં અત્યાર સુધી આવી કોઈ અન્ય મહિલા ક્રિકેટર નથી બની એટલુ જ નહીં પુરુષોની વાત કરવામાં આવે તો શ્રીલંકાના દિગ્ગજ વિકેટકિપર બેટ્સમેન કુમાર સંગાકારા જ સતત ચાર વન-ડે ઈન્ટરનેશનલમાં સતત ચાર સદી ફટકારવામાં સફળ રહ્યા છે.

ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ રોજ બોલ વન-ડે ઈન્ટરનેશનલમાં હવે તે એ મુકામને મેળવવા પ્રયત્ન કરશે જે અત્યાર સુધી કોઈ ક્રિકેટર, મહિલા અથવા પુરુષ મેળવી નથી શક્યા. સેટર્થવેટે સદીની મદદથી તેની ટીમને શાનદાર જીત અપાવી. આ વન-ડે ઈન્ટરનેશનલમાં તેની સતત ચોથી સદી હતી. તેણે હવે કુમાર સંગાકારાના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. જોકે, ગુરુવારે ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં ફરી એકવાર સદી ફટકારીને તે દુનિયાની એક માત્ર એવી બેટ્સમેન બની જશે જેણે સતત પાંચ વન-ડે ઈન્ટરનેશનલમાં પાંચ સદી ફટકારી હોય.



એમીના આ ફોર્મની શરૃઆત ગત વર્ષે નવેમ્બરમાં થઈ હતી,જ્યારે તેણે પાકિસ્તાન વિરુદ્ધ ૧૩૭ રનની શાનદાર અણનમ ઈનિંગ રમી. ત્યારબાદ તેણે ફરી એકવાર પાકિસ્તાન વિરુદ્ધ ૧૧૫ રનની અણનમ ઈનિંગ રમી. ત્યારબાદ તેણે શ્રેણીની અંતિમ મેચમાં ૯૯ બોલમાં ૧૨૩ રનની શાનદાર ઈનિંગ રમી. જોકે અહીંથી તે અટકી નહતી અને રવિવારે રમાયેલ ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં તેણે ૧૦૧ રનની ઈનિંગ રમીને શ્રીલંકાના કુમાર સંગાકારાના સતત ચાર મેચોમાં ચાર સદીના રેકોર્ડની બરાબરી કરી લીધી.

**કુમાર સંગાકારાના રેકોર્ડની બરાબરી**
**એમી એવી પ્રથમ મહિલા ક્રિકેટર બની જેણે ૪ વન-ડેમાં સતત ૪ સદી ફટકારી હોય**

**સ્પોર્ટસ ક્વીઝ** ડો.પી.ડી.શર્મા

**સવાલ :**

૧.હાલમાં વિશ્વમાં ટેસ્ટ જગતમાં સૌથી વધુ બેવડી સદી ફટકારનાર ખેલાડી કોણ છે ?

૨. ભારતમાં ચાલુ વર્ષે યોજાનારા ફિફા વર્લ્ડકપ અંડર ૧૭ નો 'મેસ્કોટ શું છે ?

૩. હાલમાં વિશ્વમાં સળંગ ચોથી ટેસ્ટ શ્રેણીમાં બેવડી સદી કરનાર ખેલાડી કોણ છે ?

૪. હાલમાં જ ભારતના આર. અશ્વિને આંતર રાષ્ટ્રીય ટેસ્ટ ક્રીકેટમાં સૌથી ઓછી ટેસ્ટમાં ૨૫૦ વિકેટ ઝડપીને કયા ખેલાડીનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો ?

૫. હાલમાં ટેસ્ટ ક્રીકેટમાં સૌથી વધુ અપરાજીત રહેનાર ભારતીય કેપ્ટન કોણ છે?

૬. હાલમાં વિશ્વમાં સળંગસૌથી વધુ ટેસ્ટમાં અપરાજીત રહેનાર કઈ ટીમ છે ?

૭. 'ભારતીય સ્પીનર અશ્વિન હાલ 'બોલીંગનો બ્રેડમેન છે' હાલમાં જ આ વિધાન કોણે કર્યુ હતું ?

૮. સ્પોર્ટસ વર્લ્ડમાં ઓસ્કારની સમકક્ષ કયા એવોર્ડસ ગણાય છે ?

૯. હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લોરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં કયા ખેલાડીને 'કમબેક ઓફ ધ પર એવોર્ડ એનાયત થયો હતો ?

૧૦.હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લૌરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં કયા ખેલાડીને 'સ્પોર્ટસ મેન ઓફ ધ યર' નો એવોર્ડ એનાયત થયો હતો ?

૧૧. હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લોરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં કઈ મહીલા ખેલાડીને 'સ્પોર્ટસ મેન ઓફ ધ યર' નો એવોર્ડ એનાયત થયો હતો ?

૧૨. હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લોરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં કયા કોચને 'સ્પીરીટ ઓફ સ્પોર્ટસ એવોર્ડ એનાયત થયો હતો ?

૧૩. ઈન્ડીયન પ્રીમીયર લીગ (આઈપીસી)ની દસમી સીઝનની શરૂઆત કયારે અને કયાં રમાશે ?

જવાબ:

૧.હાલમાં વિશ્વમાં ટેસ્ટ જગતમાં સૌથી વધુ બેવડી સદી ફટકારનાર ખેલાડી ઓસ્ટ્રેલિયાના સર ડોન બ્રેડમમેન છે.

૨. ભારતમાં ચાલુ વર્ષે યોજાનારા ફિફા વર્લ્ડકપ અંડર ૧૭ નો 'મેસ્કોટ 'ખેલેઓ' જે એક દીપડાની પ્રતિકૃતિ છે.

૩. હાલમાં વિશ્વમાં સળંગ ચોથી ટેસ્ટ શ્રેણીમાં બેવડી સદી કરનાર ખેલાડી ભારતનો વિરાટ કોહલી છે.

૪. હાલમાં જ ભારતના આર. અશ્વિને આંતર રાષ્ટ્રીય ટેસ્ટ ક્રીકેટમાં સૌથી ઓછી ટેસ્ટમાં ૨૫૦ વિકેટ ઝડપીને ઓસ્ટ્રેલિયાના ડેનીસ લીલી નામના ખેલાડીનો વર્લ્ડ રેકોર્ડ તોડી નાંખ્યો હતો.

૫. હાલમાં ટેસ્ટ ક્રીકેટમાં સૌથી વધુ અપરાજીત રહેનાર ભારતીય કેપ્ટન વિરાટ કોહલી છે.

૬. હાલમાં વિશ્વમાં સળંગસૌથી વધુ ટેસ્ટમાં અપરાજીત રહેનાર વેસ્ટ ઈન્ડીઝની ટીમ સળંગ ૨૭ ટેસ્ટમાં વિજય થઈ છે.

૭. 'ભારતીય સ્પીનર અશ્વિન હાલ 'બોલીંગનો બ્રેડમેન છે' હાલમાં જ આ વિધાન ઓસ્ટ્રેલિયાના ભૂતપુર્વ કેપ્ટન સ્ટીવ વોએ કર્યું હતું.

૮. સ્પોર્ટસ વર્લ્ડમાં ઓસ્કારની સમકક્ષ લૌરીયસ સ્પોર્ટસ એવોર્ડસ ગણાય છે.

૯. હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લોરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં અમેરીકાના લેજન્ડરી સુપર સ્ટાર સ્વીમર માઈકલ ફલેપ્સ નામના ખેલાડીને 'કમબેક ઓફ ધ પર એવોર્ડ એનાયત થયો હતો.

૧૦.હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લૌરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં જમૈકાના લેજન્ડરી દોડવીર યુસેન બોલ્ટ નામના ખેલાડીને 'સ્પોર્ટસ મેન ઓફ ધ યર' નો એવોર્ડ એનાયત થયો હતો.

૧૧. હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લોરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં ૨૦૧૬ રીયો ઓલિમ્પિકસમાં જબરજસ્ત સફળતા મેળવનાર અમેરીકન જીમ્નાસ્ટ સીમોન બાઈલ્સ નામની મહીલા ખેલાડીને 'સ્પોર્ટસ મેન ઓફ ધ યર' નો એવોર્ડ એનાયત થયો હતો.

૧૨. હાલમાં જ મોનાકો મુકામે આયોજીત લોરીયસ સ્પોર્ટસ એવોર્ડ સમારંભમાં ગયા વર્ષે ઈગ્લેન્ડ પ્રીમીયર લીગ ફુટબોલ ચેમ્પિયનશીપમાં લીસેસ્ટર સીટીને અસાધારણ સફળતા અપાવનાર ઈટાલીયન ફુટબોલ કોચ કલા ઉડીયો રીનેરીને 'સ્પોર્ટસ મેન ઓફ ધ યર' નો એવોર્ડ એનાયત થયો હતો.

૧૩. ઈન્ડીયન પ્રીમીયર લીગ (આઈપીસી)ની દસમી સીઝનની શરૂઆત ૫ એપ્રિલ, ૨૦૧૭ ના રોજ હૈદ્રાબાદ મુકામે રમાશે.

**-ડો.પી.ડી.શર્મા**
**(અમદાવાદ)**

## સદીની ભાગીદારી બાદ રકાસ થતાં પરાજય

**ખેલના મેદાનમાંથી** કમલેશ કંસારા



૩૦ -ઓકટોબર ૨૦૧૬ ના રોજ બાંગ્લાદેશ રેકોર્ડ સર્જી દીધો. બાંગ્લાદેશે ઈંગ્લેન્ડ સામે મીરપુર ખાતેની ટેસ્ટમાં સૌ પ્રથમ વિજય મેળવ્યો. બાંગ્લાદેશે પાંચ ટેસ્ટ ઝીમ્બાબ્વે સામે ત્યારબાદ ૨૦૦૯ માં વેસ્ટ ઈન્ડીઝને ૨-૦ થી હરાવી હતી. બાંગ્લાદેશનો મીરપુર ખાતેનો ઈંગ્લેન્ડ સામેનો વિજય એક આશ્ચર્યજનક હતો. ઈંગ્લેન્ડની ટીમની છેલ્લી નવ વિકેટો ૫૦ થી પણ ઓછા રનમાં પડી હતી. ઈંગ્લેન્ડનો સ્કોર એક સમયે ૧૭૧ રન ૧ વિકેટનો હતો અને બાકીના નવ ખેલાડીઓ માત્ર ૪૯ રન એટલે આખી ટીમ ૨૨૦ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી.

ટેસ્ટ ક્રીકેટમાં ૫૦ કે તેથી ઓછા રનમાં ટીમનું ઓલઆઉટ થવાની આ ચોથી ઘટના હતી કે જેમાં છેલ્લી નવી વિકેટો ૫૦ કે તેથી ઓછા સ્કોરમાં પડી હતી.

સૌ પ્રથમ ઘટના પાકિસ્તાન અને ભારત વચ્ચે રમાયેલ ૧૯૬૦ ની મુંબઈ ટેસ્ટમાં મેચની પ્રથમ ઈનીંગસમાં પાકિસ્તાનનો સ્કોર ૧ વિકેટે ૩૦૧ રનનો હતો. ત્યારબાદ ટીમનો ધબડકો થતાં બાકીની ૯ વિકેટો માત્ર ૪૯ રનમાં એટલે કે આખી ટીમ ૩૫૦ ના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી.

૨૦૦૫ માં સીડની ખાતે રમાયેલ ઓસ્ટ્રેલિયા અને વર્લ્ડ ઈલેવન વચ્ચેની મેચમાં ઓસ્ટ્રેલિયા એ મેચની ત્રીજી ઈનીંગસમાં ૧૫૨ રનમાં એક વિકેટ ગુમાવી હતી. પરંતુ ત્યારબાદ આખી ટીમ વધુ ૪૭ રન ઉમેરીને એટલે કે ૧૯૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.

૨૦૦૯ માં પાકિસ્તાનની ટીમે શ્રીલંકા સામેની કોલંબો ટેસ્ટની ત્રીજી ઈનીંગસમાં એક સમયે ૨૮૫ રનમાં એક વિકેટ ગુમાવી હતી પરંતુ ત્યારબાદ માત્ર ૩૫ રન વધુ ઉમેરીને ૩૨૦ રનના કુલ સ્કોરે આખી ટીમ પેવેલીયન ભેગી થઈ ગઈ હતી. ટેસ્ટ ક્રીકેટમાં આ સૌથી સનસનાટી ભર્યો ધબડકો હતો.

ટેસ્ટ ક્રિકેટમાં એવી પણ ઘટના બની છે કે જેમાં વિના વિકેટે સદીની ભાગીદારી નોંધાવ્યા બાદ ટીમનો ધબડકો ઓછા રન ઉમેરીને પણ થયો છે. ટેસ્ટ ક્રિકેટમાં ત્રણ ઘટના એવી બની છે કે જેમાં વિના વિકેટે સદીની ભાગીદારી બાદ વધુમાં વધુ ૬૫ રન ઉમેરીને ટીમ ઓલઆઉટ થઈ ગયેલ છે.

૧૯૪૬માં ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ વચ્ચેની ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતેની ટેસ્ટમાં મેચની બીજી ઈનીંગસમાં ભારત વિના વિકેટે ૧૨૪ રન બનાવ્યા હતા પરંતુ ત્યારબાદ નાટયાક્રમ રૂપે ધબડકો થતાં ભારતે વધુ ૪૬ રન ઉમેરીને ૧૭૦ ના જુમલે ઓલઆઉટ થઈ ગયેલ.

૧૯૭૪ માં ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની ઓકલેન્ડ ટેસ્ટની ચોથી ઈનીંગસમાં ન્યુઝીલેન્ડે વિના વિકેટે ૧૦૭ રન બનાવ્યા હતા પરંતુ ત્યારબાદ આખી ટીમ ૧૫૮ રનમાં આઉટ થઈ ગઈ હતી.

બાંગ્લાદેશ સામેની ૨૦૧૬ ની મીરપુર ટેસ્ટના ચોથા દાવમાં ઈંગ્લેન્ડની ટીમને મેચ જીતવાને માટે ૨૭૦ રન કરવાના હતા. એક સમયે ઈંગ્લેન્ડનો સ્કોર વિના વિકેટ ૧૦૦ રનનોહતો પરંતુ એક આશ્ચર્યજનક ધબડકો થતાં ઈંગ્લેન્ડની પુરી ટીમ વધુ ૬૪ રન ઉમેરીને ૧૬૪ રનના જુમલે ઓલઆઉટ થતાં બાંગ્લાદેશનો ઈંગ્લેન્ડ સામે સૌ પ્રથમ ઐતિહાસિક વિજય થયો હતો.

ટેસ્ટ ક્રીકેટમાં કેટલીક વાર ટીમનો ધબડકો મેચનું પરિણામ બદલી નાખે છે.ટેસ્ટ ક્રીકેટમાં બે જ બનાવો એવા બન્યા છે કે જેમાં મેચ જીતવાને માટે ચોથી ઈનીંગસમાં વિના વિકેટે સદીની ભાગીદારી નોંધાવ્યા બાદ ટીમનો રકાસ થતાં પરાજયના પંથે ગઈ હોય

**-કમલેશ કંસારા**

## ઓસ્ટ્રેલિયાની ટીમનું બેંગ્લોરના સ્ટેડિયમમાં પ્રદર્શન સારૂ રહ્યું છે

**ટર્નીંગ પોઈન્ટ**

પુણે ખાતે યોજાયેલી પ્રથમ ટેસ્ટ મેચમાં સખ્ત પરાજય બાદ ટીમ ઈન્ડિયાની નજર હવે બેંગ્લોરના એમ ચિન્નાસ્વામી મેદાનમાં યોજાનાર બીજી ટેસ્ટ મેચમાં જીત હાંસલ કરી શ્રેણીમાં બરાબરી હાંસલ કરવા પર ટકેલી રહેશે.પુણે ટેસ્ટ મેચ પહેલા ભારતે સમગ્ર ગૃહ શ્રેણીમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું પરંતુ ઓસ્ટ્રેલિયાની સામે તે પરાજય થયુ હતું.

બીજી ટેસ્ટ મેચ ચાર માર્ચે અહીંના એમ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમનાર છે આ પહેલા ભારતીય ટીમને હવે નવેસરથી રણનીતિ બનાવવા માટે મજબુર થવુ પડશે કારણ કે ઓસ્ટ્રેલિયાની ટીમે પોતાની તૈયારીનો નમુનો રજુ કરી ચુકી છે. બેંગ્લોરના ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ભારતીય ટીમનો ઓસ્ટ્રેલિયાની સાથે અત્યાર સુધી પાંચ વાર આમનો સામનો થયો છે. આ પાંચ ટેસ્ટ મચોમાં ભારતીય ટીમે ફકત એક મેચ જીતી છે જયારે ઓસ્ટ્રેલિયાની ટીમ અહીં ભારતને બે ટેસ્ટ મેચ હરાવી ચુકી છે અને બે ટેસ્ટ મેચ ડ્રો રહી છે.

ભારતને જો પુણે ટેસ્ટની હાર બાદ પણ ઓસ્ટ્રેલિયાની વિરૂધ્ધ બોર્ડર ગાવસ્કર ટ્રોફી પર કબજો જમાનો છે તો તેને ૪૪ વર્ષ જુને રેકોર્ડ તોડવો પડશે. ભારતે પોતાના ૮૫ વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં પહેલી ટેસ્ટમાં પરાજીત થયા બાદ ચાર અથવા વધુ ટેસ્ટ મેચોની શ્રેણી ફકત એકવાર જીતી છે. ટીમ ઈન્ડિયાએ આ સિધ્ધિ ૧૯૭૩માં પરિણામ આપ્યું હતું જયારે ફારૂક એન્જીનિયરની ટીમે એક મેચથી પાછળ રહ્યાં બાદ ઈગ્લેન્ડને પાંચ મચોની શ્રેણીમાં ૨-૧થી પરાજય આપ્યો હતો. હવે જો વિરાટ કહોલીની ટીમને સ્ટીવ સ્મિથની ઓસ્ટ્રેલિયાની ટીમની વિરૂધ્ધ શ્રેણી જીતવી હોય તો આ ૪૪ વર્ષ જુનો રેકોર્ડ તોડવો પડશે

જો ટીમ ઈન્ડિયા પ્રેરણા માટે પાછળ જોવા ઈચ્છે તો તેને તેની પાછળ જોવાની આવશ્યકતા નથી કારણ કે આ ટીમે ૨૦૧૫માં શ્રીલંકાને ત્રણ મેચોનીા શ્રેણીમાં પહેલી મેચ હાર્યા બાદ આગામી બે ટેસ્ટ જીતી શ્રેણી ૨-૧થી પોતાના નામે કરી હતી. ભારત એકવાર ઓસ્ટ્રેલિયાને પણ ત્રણ ટેસ્ટ મેચોની શ્રેણીમાં પહેલી ટેસ્ટ ગુમાવ્યા બાદ ૨-૧થી હરાવી ચુકયુ છે.

## આઈપીએલ ૨૦૧૭ : મોહંમદ નબી અને રાશિદ ખાને રચ્યો ઈતિહાસ

નબી આઈપીએલ માટે પસંદગી પામેલો પ્રથમ અફઘાન ખેલાડી બન્યો અફઘાનિસ્તાનના આ ઓલરાઉન્ડરની બેસ પ્રાઈસ ૩૦ લાખ રૂપિયા હતી

અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમે પોતાના પ્રદર્શનથી વિશ્વભરના ક્રિકેટપ્રેમીઓનું દિલ જીત્યું છે. આ ટીમના ખેલાડીઓ પણ તેમના આક્રમક અંદાજને કારણે એક અલગ ઓળખ બનાવી ચૂક્યા છે. સોમવારે બેંગલુરુમાં આઈપીએલ ૨૦૧૭ માટે ખેલાડીઓની હરાજી દરમિયાન અફઘાન ટીમના ખેલાડી મોહમ્મદ નબીએ ઈતિહાસ રચ્યો હતો. નબી આઈપીએલ માટે પસંદગી પામેલો પ્રથમ અફઘાન ખેલાડી બની ગયો છે.

અફઘાનિસ્તાનના આ ઓલરાઉન્ડરની બેસ પ્રાઈસ ૩૦ લાખ રૃપિયા હતી અને આ જ કિંમત પર તેણે સનરાઈઝર્સ હૈદરાબાદે ખરીદી લીધો.લેગ સ્પિનર રાશિદ ખાન 'મિલિયન ડોલર' કમાનારો પ્રથમ અફઘાનિસ્તાની ક્રિકેટર બની ગયો છે. સનરાઈઝર્સ હૈદરાબાદે આ યુવા લેગ સ્પિનરને ચાર કરોડ રૃપિયામાં ખરીદ્યો છે. રાશિદની બેસ પ્રાઈસ માત્ર ૩૦ લાખ રૃપિયા હતી. અફઘાનિસ્તાનનો કેપ્ટન અગાઉ પણ આ ક્રિકેટરની પ્રશંસા કરી ચૂક્યો છે. તેણે રવિવારે કહ્યું હતું કે, રાશિદની ગુગલીને પકડવી સરળ નથી.રાશિદે ગયા વર્ષે ભારતમાં રમાયેલા વર્લ્ડ ટી-૨૦ કપમાં ૧૧ વિકેટ ઝડપી હતી. જ્યારે નબી આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ ૧૨ વિકેટ લેનારો બોલર હતો. રાશિદે ઝિમ્બાબ્વે સામે નાગપુરમાં ૧૧ રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી.બંને ખેલાડી બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં જ પોતાનું હુનર બતાવી ચૂક્યા છે. નબીએ ૧૩ મેચોમાં ૧૯ અને રાશિદે આઠ મેચોમાં ૧૩ વિકેટ ઝડપી હતી.

## ઇંગ્લેન્ડ સામે ત્રણ વનડેને લઇ વેસ્ટ ઇન્ડિઝની ટીમ સુસજ્જ




**ત્રણ મેચો પૈકી પ્રથમ મેચ ત્રીજી માર્ચે એન્ટીગુવામાં થશે**
**બંને ટીમો જોરદાર દેખાવ કરવા મેદાનમાં ઉતરશે**

ઈંગ્લેન્ડ અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે હવે ત્રણ વનડે મેચોની શ્રેણી શરૃ થઈ રહી છે. ઘરઆંગણે રમાનારી આ શ્રેણીને લઈને વેસ્ટઈન્ડિઝની ટીમ ખુબ જ લડાયક મૂડમાં દેખાઈ રહી છે. વેસ્ટઈન્ડિઝના ખેલાડીઓ ઘરઆંગણે ઈંગ્લેન્ડની ટીમને હાર આપવા માટે તૈયારી કરી રહ્યા છે. બીજી બાજુ ઈંગ્લેન્ડની ટીમ અગાઉ કરતા વધારે મજબૂત હોવાથી વિન્ડિઝ સામે ઘણી મુશ્કેલીઓ આવી શકે છે. ત્રણ વનડે મેચો પૈકીની પ્રથમ વનડે મેચ ત્રીજી માર્ચના દિવસે એન્ટીગુવા ખાતે રમાશે જ્યારે બીજી વનડે મેચ પણ એન્ટીગુવા ખાતે જ સર વિવિયન રિચર્સ સ્ટેડિયમ ખાતે રમાશે. જ્યારે ત્રીજી અને અંતિમ વનડે મેચ બાર્બાડોશ બ્રિજટાઉન ખાતે રમાશે. વેસ્ટઈન્ડિઝના મુખ્ય પસંદગીકારોએ કહ્યું છે કે, ઓલરાઉન્ડર કાર્લોસ બ્રેથવેઈટથી વર્લ્ડ ટ્વેન્ટી-૨૦ જેવા દેખાવની અપેક્ષા હમેશા રાખી શકાય નહીં. પસંદગીકાર કોર્ટની બ્રાઉને કહ્યું છે કે, બાર્બાડોસના કાર્લોસ બ્રેથવેઈટની ટીમમાં ઘણા કુશળ ખેલાડીઓ રહ્યા છે. ૨૦૧૬ની શરૂઆત બાદથી કાર્લોસ બ્રેથવેઈટે ૨૭ એ ગેમ મેચમાં ૩૦૪ રન જ બનાવ્યા છે જેમાં તેની સરેરાશ માત્ર ૧૪ રનની રહી છે. બ્રેથવેઈટને હાલમાં જ વેસ્ટઈન્ડિઝના ટી-૨૦ ટીમના કેપ્ટન તરીકેની જવાબદારી સોંપાઈ હતી. ૨૬ ટ્વેન્ટી મેચોમાં ૨૦૧૬ બાદથી કાર્સોલે માત્ર ૨૧૨ રન કર્યા છે. જો કે, તે સારા દેખાવ કરવા માટે આશાવાદી છે. આવી સ્થિતિમાં વેસ્ટઈન્ડિઝની ટીમ આશાવાદી બનેલી છે. ઈંગ્લેન્ડ અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે રમાનારી વનડે શ્રેણી રોચક બનવાની શક્યતા એટલા માટે પણ છે કે, ઈંગ્લેન્ડની ટીમમાં તમામ ધરખમ ખેલાડીઓ રહેલા છે જેમાં જોઈ રુટ, મોર્ગન અને જોશ બટલરનો સમાવેશ થાય છે. ત્રણ વનડે મેચોની શ્રેણીની શરૂઆત થયા બાદઈંગ્લેન્ડ વેસ્ટઈન્ડિઝમાં પણ છેલ્લા ઘણા સમયથી નહીં મેળવેલી સિદ્ધિ હાસલ કરવા પ્રયાસ કરશે. સાથે સાથે બ્રેથવેઈટના ચમત્કારને ફગાવી દેવા મેદાનમાં ઉતરશે.

**નકામા ...**

પાના નં.૧ ચાલુ

આ પિટિશનની વિરસનીયતા નક્કી કરીને સ્પીકર આ પિટિશનની તપાસ અને હસ્તાક્ષરોની વિશ્વાસપાત્રતા નક્કી કરવા ચૂંટણીપંચને આ પિટિશન મોકલશે. ચૂંટણીપંચ તમામ હસ્તાક્ષરોની તપાસ કરી સંબંધિત સંસદસભ્ય અથવા વિધાનસભ્યના મતદારવિસ્તારમાં ૧૦ સ્થળોએ મતદાન કરાવશે અને બિલ મુજબ જો આ મતદાનમાં સંસદસભ્યે તેની ચૂંટણીમાં મેળવેલા મતોના ૭૫ ટકા જો તેને પાછા બોલાવવાની તરફેણ કરતા હોય તો સંબંધિત સંસદસભ્ય અથવા વિધાનસભ્યનું પદ રદ થશે.

આ ચૂંટણીનાં પરિણામો મળ્યા પછીના ચોવીસ કલાકમાં સ્પીકર એ જનતાને જાહેર કરશે. એક વાર સીટ ખાલી જાહેર થયા પછી ચૂંટણીપંચ સંબંધિત મતદારવિસ્તારમાં પેટાચૂંટણીનું આયોજન કરશે.

**ડીસામાં રોડના ...**

પાના નં.૧ ચાલુ

તેનું ફર્સ્ટ રનીંગ બીલ મુકવાયું છે પરંતુ જયાં સુધી ટેન્ડરની શરતો મુજબ નવેસરથી રોડનું કામ નહી કરે ત્યાં સુધી બીજુ કોઈ પેમેન્ટ ચુકવાશે નહી અને તેને બ્લેક લીસ્ટ કરાશે. આ કામગીરી સરકારના ટીપીઆઈ અને પાલિકા સુપરવાઈઝરની દેખરેખ હેઠળ થયેલી હોઈ તેઓની કોઈ જવાબદારી હશે તેની પણ તપાસ કરી પગલાં લેવાશે.

**પાલડી ગ્રામ...**

પાના નં.૩ ચાલુ

પાલડી ગામની શેરીઓમાં સફાઈ કરવામાં આવી હતી હાલ ગામમાં ૨૫૦ શૌચાલયની કામગીરી પુર્ણ થયેલ છે. આ પ્રસંગે ઉપસરપંચ ઠાકોર ધારસિંહ વાઘાજી તલાટી કમમંત્રી સી.ડી.ગોળીવાડીયા તથા જીતેશ બી.ચૌહાણ રાજુભાઈ મોદી, રામજીભાઈ જોષી, મુકેશભાઈ મોદી, (સફાઈ કામદાર) દ્વારા ભંગી મેવાભાઈ તેમજ વિનોદજી સોમાજી, દેસાઈ સાગરભાઈ વગેરે ઉપસ્થિત હાજર રહ્યા હતા.

**બનાસકાંઠા જિલ્લાના...**

પાના નં.૩ ચાલુ

બાંધકામ શાખાના કાર્યપાલક ઈજનેર જે. એસ. સલુજા અને ડી. એન. તડવી તથા તેમની ટીમે ખેડૂતોને પડતી મુશ્કેલીઓ જાણી તેનું નિરાકરણ કેમ લાવવું તે સમજાવ્યું હતું. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા પદ્મ ગેનાભાઈ પટેલનું નર્મદા નિગમ તરફથી નાયબ ખેતી નિયામક આઈ.ડી. પટેલે મોમેન્ટો અને સાલથી સન્માન કર્યું હતું. પ્રગતિશીલ ખેડૂત માવજીભાઈનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ભાભરના પ્રગતિશીલ ખેડૂત અને આ વિસ્તારમાં ખારેકની ખેતી માટે જાણીતા પોપટભાઈ અખાણીનું પણ સન્માન કરાયુ હતું.

આ પ્રસંગે પદ્મ ગેનાભાઈ પટેલે ખેડૂતોને જણાવ્યું હતું કે ભારતમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આવ્યા બાદ બીજી વખત સૌથી મોટા સમૂહ ખેડૂત સમાજને પદ્મશ્રી જેવા એવોર્ડ મળી શકે છે તેવું સાબિત કરી બતાવ્યું અને ખેડૂતો માટે આદરનું કામ કર્યું છે. તેમણે આ વિસ્તારમાં નર્મદાના નીર થકી હરિયાળી આવી છે પરંતુ ખેડૂતોએ પણ હવે સૂક્ષ્મ પિયત પદ્ધતિ અપનાવી પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરી ખેતી કરવી પડશે તેમ જણાવ્યું હતું.

આ વિસ્તારમાં કૃષિના ઋષિ કહેવાતા માવજીભાઈ પટેલે પણ ખેડૂતોને હવે પોતાના પાકનું મૂલ્યવર્ધન કરવું પડશે અને તેમને ઉભી કરેલી ખેડૂત કંપનીની વાત સમજાવી હતી. વધુમાં સુધારેલી જાતના બિયારણ અને ઓર્ગેનિક ખેતીની સમજ પણ ખેડૂતોને આપી હતી. તો ખેડૂતોએ પણ સરકારએ બજેટમાં સૂક્ષ્મ પિયત માટે ડ્રિપ ઈરીગેશનમાં ૭૦ ટકા સબસીડી કરી તેનો આનંદ વ્યક્ત કર્યો હતો.

**અખંડ મેઘવાળ...**

પાના નં.૩ ચાલુ

ટ્રસ્ટી અજેસીભાઈ ચૌહાણ, કાર્યકરો મોહનભાઈ ગલસર, ભાવેશભાઈ પરમાર, શંકરલાલ પરમાર, કિરણભાઈ પરમાર, કુવરાભાઈ રબારી (પૂર્વ સરપંચ જોરડીયાલી ગૃપ ગ્રા.પંચાયત) શાળાના આચાર્ય જીવરામભાઈ ચૌહાણ તથા સમગ્ર શિક્ષક સ્ટાફ ઉપસ્થિત રહેલ. દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુકીને મેડીકલ કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં બહોળી સંખ્યામાં લોકો આવેલ તે પૈકી કુલ - ૩૪૦ દર્દીઓને અલગ અલગ ડોક્ટર દ્વારા ચકાસણી કરી જેમાં સ્ત્રી રોગ - ૧૨, કાન, નાક, ગળા -૨૨ તાવ-૩૧, દાંતના રોગ - ૨૮, આંખના રોગ - ૧૫૫ (મોતીયા - ૯) હાડકાના - ૪૨ અન્ય ૫૦ હતા. તાવના કેસોની લેબોરેટરીના સેમ્પલ લેવામાં આવેલ. ડાયાબીટીશના ટેસ્ટ પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડો.અરૂણ આચાર્ય સમગ્ર દિવસ દરમિયાન હાજર રહીને સતત માર્ગદર્શન આપવામાં આવેલ તેમજ સ્વચ્છતા, આરોગ્ય, શૌચાલયની ઉપયોગીતા તથા મા - કાર્ડ વિશે સંદર્ભિત માહિતી આપવામાં આવેલ.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી જોરડીયાલી પ્રા.શાળાના આચાર્ય જીવરાજભાઈ ચૌહાણ તથા સ્ટાફ મિત્રો દ્વારા કરવામાં આવ્યું હતું.

**ધાનેરા પાલિકા....**

પાના નં.૮ ચાલુ

નગરમાં ઉત્તેજનાનો માહોલ છવાયો હતો. ત્યારે ગઈકાલે અવિશ્વાસની દરખાસ્ત સંદર્ભે પાલિકાની સભા મળી હતી. જેમાં ચૂંટાયેલા સભ્યોનો મત લેવાના પ્રમુખ અને ઉપપ્રમુખ સામેની અવિશ્વાસની દરખાસ્ત ૧૩ વિરૂધ્ધ ૮ મતે ઉડી ગઈ હતી. દરખાસ્ત નામંજૂર થતા નગરમાં છવાયેલી ઉત્તેજનાનો અંત આવ્યો હતો.

**ડીસા સહિત....**

પાના નં.૮ ચાલુ

વધારો થયો છે. ગત વર્ષે કોલ્ડ સ્ટોરેજ ભરાઈ ગયા બાદ પણ લાખો કટા બહાર રહ્યા હતા. ત્યારે આ વર્ષે વાવેતરમાં પણ ૩૦ ટકા જેટલો વધારો થયો હતો જેથી ગત વર્ષ જેવી પરિસ્થિતિનું નિર્માણ થશે. તેવી શક્યતાઓ જોવાતી હતી. પણ ચાલુ સિઝનમાં બટાટાના ઉત્પાદનમાં ૨૦ ટકા જેટલો ઘટાડો નોંધ્યો છે. સાથે ગત વર્ષે કોલ્ડ સ્ટોરેજમાં બટાટા ભરાયા બાદ ભાવમાં ઘટાડો થયો હતો. જેથી કોલ્ડ સ્ટોરેજમાં મુકાયેલા બટાટામાં મોટુ નુકશાન વેઠવાનો વારો આવ્યો હતો. જેથી ચાલુ સિઝનમાં કોલ્ડ સ્ટોરેજમાં બટાટાનો સંગ્રહ કરવો પણ જોખમી પૂરવાર સાબિત થાય તેવી દહેશતના કારણે વેપારીઓ પણ અચકાઈ રહ્યા છે. જ્યારે ખેડુતો બટાટાના પાકમાંથી સારી આવક મળવાની આશા સેવી રહ્યા હતા. પણ ચાલુ સિઝનમાં બટાટાના સામાન્ય ભાવ મળી રહ્યા છે. જેથી ખેડુતો પણ મુંઝવણમાં મુકાયા છે.

ચાલુ સિઝનમાં કોલ્ડ સ્ટોરેજમાં બટાટા મુકવા ખેડુતો સહિત વેપારીઓ પણ ઢીલાશ દાખવી રહ્યા છે. ગત વર્ષે આ સમય દરમિયાન ૧૨ થી ૧૫ હજાર કટાઓનું એક દિવસનું લોડીંગ થતુ હતુ. જે ચાલુ સિઝનમાં ૬ થી ૮ હજાર જેટલા કટાઓનું એક કોલ્ડ સ્ટોરેજમાં દિવસ દરમિયાન લોડીંગ થાય છે. જે ગત વર્ષની સરખામણીમાં ઘણુ ઓછું છે. બટાટાની આવક બહુ ધીમી છે. ત્યારે જોવાનુ એ રહ્યું કે ચાલુ સિઝનમાં કોલ્ડ સ્ટોરેજમાં કેટલા કટાઓનો સંગ્રહ થશે?

**ઝેરડા હાઈવેની....**

પાના નં.૮ ચાલુ

બાજુના ગૌચર ઉપર એક શખ્સે સિમેન્ટ ઈંટોની ફેક્ટરી ઉભી કરી તેની આડમાં કતીયું તરીકે ઓળખાતા તળાવનું માટી પુરણ કરી રહ્યો છે. ગૌચર હડપવાના આ પ્રયાસથી ગ્રામજનોમાં ઉહાપોહ સર્જાયો છે જેથી થયેલી રજૂઆતોના પગલે સરપંચ, ડે.સરપંચ અને તલાટીએ ઘટના સ્થળે જઈ તપાસ કરતા તેની માલિકીની જગ્યા માત્ર ૧૪૦૦ ફૂટ છે પરંતુ તે તપાસ સહિતના ગૌચર ઉપર ગેરકાયદે દબાણ કરી બેઠો છે તેથી તેને દસ દિવસમાં દબાણ ખુલ્લુ કરવાની તાકીદ કરી હતી. ત્યારે હવે ગૌચરનું દબાણ ખુલ્લુ થાય છે કે કેમ ? તેના ઉપર ગ્રામજનોની નજર મંડરાઈ છે જે મુદ્દે મામલતદાર પણ પશુઓ ખાતર દરમિયાનગીરી કરે તેવો જનમત પ્રવર્તે છે.

**સમૌ દેના ....**

પાના નં.૮ ચાલુ

શકયતા છે. સમૌ મોટા ગામે આવેલી દેના ગુજરાત ગ્રામિણ બેંકમાં વર્ષ ૨૦૦૯-૧૦માં ખોટા દસ્તાવેજોના આધારે લોન પેપર્સ તૈયાર કરી અન્ય ખેડૂતોના ઉતારા રજુ કરી અન્ય ખેડૂતોના નામની લોન મંજુર કરી કુલ રૂા.૧.૭૯ કરોડની ઉચાપત થઈ હતી. જે અંગે બેંકના વિજીલન્સ અધિકારી દ્વારા ડીસા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. વર્ષ ૨૦૧૧માં થયેલી ફરિયાદ સંદર્ભે પોલીસે અત્યાર સુધી ૩૦થી વધુ આરોપી ઝપડેલા છે. જેમાં બેંકના કર્મચારીઓની પણ સંડોવણી જણાતાં પોલીસે તપાસ હાથ ધરી સમૌ શાખાના તે વખતના કર્મચારી અને હાલ કલોલની સાંતેજ શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવતા સુલેમાન ગફારભાઈ નાગોરીની ધરપકડ કરી હતી. ડીસા તાલુકા પીઆઈ ડી.ડી. ગોહિલ દ્વારા તેઓને મંગળવારે કોર્ટમાં રીમાન્ડ અર્થે રજુ કરાયા હતા. જેમાં કોર્ટે બુધવારે સુનાવણી રાખી હતી. પોલીસે કુલ સાત દિવસના રીમાન્ડ માંગતા કોર્ટે ચાર દિવસના રીમાન્ડ મંજુર કર્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ આ કેસમાં સદરપુર, લુણપુર, સમૌનાના, સમૌ મોટા અને સાવિયાણા સહિત અન્ય ગામના આરોપીઓની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

**ડીસા - મુંબઇ....**

પાના નં.૮ ચાલુ

બસ સર્વિસ શરુ કરવામાં આવી છે. અને આ બસની સુવિધાની વાત કરવામાં આવે તો એસ.ટી.ની આ બસને સંપૂર્ણ એરકંડીશન બનાવવામાં આવી છે. આ ઉપરાંત બસમાં વિડીયો સુવિધા ઉપલબ્ધ બનાવવામાં આવી છે. દરેક મુસાફરના આરામ માટે સંપૂર્ણ સુવિધાનો ખ્યાલ રાખવામાં આવ્યો છે.. આજે આ અત્યાધુનિક બસના લોકાર્પણ પ્રસંગે ગુજરાત એસ.ટી.નિગમના ડીરેક્ટર દિનેશભાઈ અનાવાડીયા, બનાસકાંઠા જીલ્લા ભાજપના મહામંત્રી અમૃત દવે, ઉપપ્રમુખ મગનલાલ માળી, ડીસા નગરપાલિકાના પ્રમુખ પ્રવીણભાઈ માળી, પાલિકા સદસ્ય અને બાંધકામ સમિતિના ચેરમેન રાજુભાઈ ઠાકોર, ડીસા શહેર ભાજપ પ્રમુખ સંજયભાઈ બ્રહ્મભટ્ટ, પ્રગતી અભિવાદન ગૃપના લલીતભાઈ દોશી, એસ.ટી.ના પાલનપુર ખાતેના વિભાગીય નિયામક કમલ હસન, ડી.ટી.ઓ. એમ.કે.ડામોર, વહીવટી અધિકારી, ડેપો મેનેજર કે.કે.પરમાર, એ.ડબ્લ્યુ.એસ.ધાર્મિષ્ઠબેન કાપડિયા તેમજ સ્થાનિક એસ.ટી.કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં કાયમી તલાટી મુકવા પ્રજાની માંગ

(પ્રતિ.) શિહોરી

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરીમાં છેલ્લા કેટલાક મહિનાથી તાલુકા મથક શિહોરીમાં ઈન્ચાર્જ તલાટી હોઈ શિહોરી પ્રજાને તથા વિદ્યાર્થીઓ અને ખેડૂતોને પારાવાર મુશ્કેલી પડતી હોઈ તેમજ ઈન્ચાર્જ તલાટીને પોતાના સેજામાં સમય ફાળવવો પડતો હોઈ શિહોરીમાં અઠવાડીયામાં માત્ર બે દિવસ જ ચાર્જમાં આવતા હોઈ શિહોરીની પ્રજાને પારાવાર મુશ્કેલી પડે છે. આ બાબતે શિહોરી સરપંચનો સંપર્ક કરતાં તેમણે જણાવેલ કે અમોએ શિહોરીમાં કાયમી તલાટી માટે તાલુકા વિકાસ અધિકારી (કાંકરેજ) તેમજ જિલ્લા વિકાસ અધિકારીને કાયમી તલાટી માટે લેખિતમાં રજુઆત કરેલ છે. તો આ બાબત ઉચ્ચ અધિકારીઓ અંગત રસ લઈ શિહોરીમાં કાયમી તલાટીની નિમણૂંક આપે તેવું શિહોરીની પ્રજા ઈચ્છી રહી છે.

## ડીસાની શાળામાં વિશ્વ વિજ્ઞાન દિનની ઉજવણી



ડીસા

ગત તા.૨૮/૨/૨૦૧૭ના ચીમનલાલ હંસરાજ દોશી પે.કે. શાળા, ડીસામાં વિશ્વ વિજ્ઞાન દિન તેમજ આનંદ મેળાની ઉજવણી કરવામાં આવી.

કાર્યક્રમનું ઉદ્ઘાટન પાંચાભાઈ દેસાઈ (પ્રમુખ ડીસા તાલુકા શિક્ષક સંઘ) તેમજ શાળાના આચાર્ય મનહરભાઈ પરમાર દ્વારા કરવામાં આવ્યું. દર્શન મેવાડા, પ્રકાશભાઈ ગોહિલ, વિષ્ણુભાઈ પ્રજાપતિ દ્વારા વિજ્ઞાનના પ્રયોગો તેમજ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આનંદમેળામાં પકોડી, પાસ્તા, અમેરિકન મકાઈ, ભેળ, દાબેલી, પફ, પંજાબી લચ્છી, છાશ, સોડા વગેરે વિદ્યાર્થીઓ દ્વારા સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભાવિકાબેન કે. દવે, વિષ્ણુભાઈ એન. વણસોલા, પ્રિતીબેન દેસાઈ, જીજ્ઞાશાબેન, જયેશભાઈ, અશ્વિનભાઈ પટેલ, હરેશભાઈ ભાટી, ઈશ્વરભાઈ પંચાલ તમામ સ્ટાફ ખુબ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનો શાળાના વાઈસ પ્રિન્સીપાલ કોકિલાબેન પરમાર દ્વારા આભાર માનવામાં આવ્યો હતો.

## પેટની ચરબીથી હાર્ટએટેકનો ખતરો વધી જાય છે

સામાન્ય રીતે ઘણા બધા લોકો પોતાના પેટની વધતી જતી ચરબીથી પરેશાન હોય છે. તેમને આ ચરબી પોતાનો દેખાવ બગાડતી હોવાનું લાગે છે. જોકે, તાજેતરમાં કરવામાં આવેલા એક સંશોધનમાં જાણવા મળ્યુ છે કે આ ચરબી માત્ર વ્યક્તિનો દેખાવ બગાડે છે એટલુ જ નહીં તે વ્યક્તિ માટે હાર્ટએટેકનો ખતરો પણ વધારે છે. લગભગ ૩ લાખ ૬૦ હજાર લોકો પર કરવામાં આવેલ સંશોધન બાદ આ વાત સામે આવી છે. સંશોધનકર્તાઓને જાણવા મળ્યુ છે કે, પેટની ચરબીનું ૧૦ સેન્ટીમીટર સુધી વધવુ હાર્ટએટેકના ખતરાને ૨૯ ટકા સુધી વધારે છે. સંશોધનમાં સામે આવ્યુ છે કે, સામાન્ય રીતે વધારે વજન ધરાવતા લોકોને સામાન્ય વજનવાળા લોકો કરતા હાર્ટએટેક થવાનો ખતરો ૩૫ ટકા વધુ રહેતો હોય છે. સંશોધનકર્તાઓએ જણાવ્યુ છે કે, ૨૫, ૩૦ કિલોગ્રામ પ્રતિ વર્ગમીટર બોડી માસ્ક ઈન્ડેક્સ પર ખતરો વધે છે. કારણકે તે સામાન્ય કરતા વધુ વજન દર્શાવે છે. ખાસ કરીને કમરથી નીચેના ભાગમાં ચરબી જો વધુ હોય તો તેનાથી હાર્ટએટેકનો ખતરો અનેક ગણો વધી જતો હોય છે. સંશોધનમાં ખાસ કરીને બોડી માસ્ક ઈન્ડેક્સ અને તેની સાથે જોડાયેલા ખતરાઓ અંગે અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં હાર્ટએટેકના ખતરાનો પણ સમાવેશ કરાયો હતો. બીએમઆઈ યુનિટમાં પ્રતિ ૫ યુનિટના વધારાથી આ ખતરો ૨૬ ટકા સુધી વધતો હોય છે. સામાન્યથી વધુ વજન અને વધારાની ચરબી હાર્ટમશલ્સ સાથે જોડાયેલી બીમારીનો ખતરો પણ વધારે છે. જે નિશ્ચિત રીતે હાર્ટ ફેલ થવા પાછળનુ સૌથી મોટુ કારણ માનવામાં આવે છે.

સંશોધનકર્તાઓને જાણવા મળ્યુ છે કે શારીરિક ગતિવિધિઓ અને વધુ પ્રમાણમાં ફળ તેમજ શાકભાજીનું સેવન કરવાથી આ ખતરાને ઘટાડી શકાય છે. સાથે જ સંપૂર્ણ અનાજ પણ વજન ઘટાડવામાં અને પેટની ચરબી ઓછી કરવામાં મદદરુપ સાબિત થાય છે.

**કોહલી**

અનુસંધાન પાના નં.૫ નું ચાલું

આ રકમને લઈને વધારે કોઈ વાત કરવામાં આવી નથી. કોહલીએ એક વાતચીતમાં કહ્યુ છે કે આ બ્રાન્ડની સાથે કેટલાક મોટા નામ જોડાયેલા રહ્યા છે. તે પોતે આ બ્રાન્ડ સાથે જોડાઈને ગર્વ અનુભવ કરી રહ્યો છે. ઉસેન બોલ્ટ તેની સાથે સામેલ છે. આ ઉપરાંત તે પહેલા પેલે અને મેરાડોના પણ તેમની સાથે જોડાયેલા રહ્યા છે. પોતાના ૨૪ વર્ષના કેરિયર દરમિયાન સચિને આશરે ૫૦થી વધારે કંપનીઓ સાથે કામ કર્યુ હતુ. આના માટે સચિને ૫૦૦ કરોડથી વધારેની ફી લીધી હતી. તેની સૌથી મોટી ડીલ વર્લ્ડ ટેલની સાથે ૩૦ કરોડ રૃપિયાની રહી હતી. કોહલી સચિનને પાછળ છોડી ચૂક્યો છે.

## અજીબ ઉંઘની બીમારી

ઉત્તરી કજાકીસ્તાનમાં એક ગામ છે કલાચી. ત્યાંના લોકો મહીનાઓ સુધી સુતો રહે છે.તમને એ જાણીને થોડું વિચિત્ર લાગશે પણ એ હકીકત છે. આ ગામમાં છેલ્લા કેટલાય વરસોથી આવી વિચિત્ર ઘટના બની રહી છે.અહીંના લોકો કયારેય કંઈ કરતાં અચાનક સુઈ જાય છે. એમની આ ઉંઘ થોડાક કલાકોથી લઈને કેટલાય મહીનાઓ સુધી ચાલતી રહે છે. આ ઉંઘની બીમારીને લીધે આ ગામ હવે સ્લીપી હોલોના નામે ઓળખાવા લાગ્યું. વૈજ્ઞાનિકોએ આ બીમારીના દર્દીઓની તપાસ કરી તો જાણવા મળ્યું કે એ બધા જ દર્દીઓના મગજમાં અચાનક તરલ પદાર્થનું પ્રમાણ વધી જાય છે. ડૉકટરોના જણાવ્યા પ્રમાણે આ પ્રમાણના વધવાનું મુખ્ય કારણ છે રેડીયેશન. ડૉકટરોનુ માનવું છે કે આવું કદાચ પ્રદુષીત પાણીના લીધે પણ હોઈ શકે છે. અસલમાં કલીચ ગામ એક બંધ થઈ ચુકેલી યુરેનીયમ ખાણની પાસે વસેલું છે. જયાંથી દરેક સમયે ઝેરી રેડીયેશન બહાર આવતું રહે છે. ૨૦૧૦ માં જે વ્યક્તિને આ બીમારી સહુથી પહેલા થઈ હતી એને અત્યાર સુધીમાં સાત કરતાં વધારે હાર્ટએટેક આવી ચુકયા છે.

## વરસાદથી બચવા માટે છત્રી

વરસાદથી બચવા માટે છત્રી આપણી મદદ કરે છે. હાલમાં જ ફ્રાન્સના વૈજ્ઞાનિકોએ એક એવી સ્માર્ટ છત્રી બનાવી છે જે વરસાદ શરૂ થતાં પહેલાં આપણને બતાવી શકશે કે વરસાદ આવવાનો છે. સાથે જ જો આપણને છત્રી કયાંક ભુલી જઈએ તો પણ આપણને એની ચેતવણી આપી શકે છે.અસલમાં આ છત્રી સ્માર્ટ ફોનથી કનેકટ થઈ જાય છે અને મોસમની જાણકારી સાથે પોતાનું લોકેશન પણ બતાવી શકે છે. એ માટે એ મોબાઈલ પર નોટીફીકેશન મોકલશે. જેમાં વરસાદમાં ૧૫ મીનીટ પહેલાં આપણને મોસમની પૂરી જાણકારી મળી શકશે.

## કેદીઓની જેલ

ઓસ્ટ્રીયામાં એક જેલ એવી છે જયાં કેદીઓને તમામ આધુનિક સગવડો આપવામાં આવે છે એ જેલનું નામ જસ્ટીસ સેન્ટર લિયોબેન છે. જે છેલ્લા ૧૧ વરસથી પોતાની ભવ્યતા અને આગવી પદ્ધતિઓ માટે ઓળખાય છે.આ જેલ ઓસ્ટ્રીયાના પહાડી વિસ્તાર લીયોબેનમાં આવેલી છે. ફાઈવ સ્ટાર હોટલ જેવી આ જેલમાં ૨૦૦ કરતાં વધારે કેદીઓના રહેવાની વ્યવસ્થા છે. આ જેલમાં સ્પા, જીમ અને અનેક જાતની ઈન્ડોર ગેમ જેવી સગવડો પણ કેદીઓને આપવામાં આવે છે. આ જેલમાં ૧૩ કેદી એક જગ્યાએ ભેગા પણ થઈ શકે છે. એટલું જ નહીં એ પોતાની સેલ પણ એકબીજા સાથે શેયર કરી શકે છે. અહીંની દરેક સેલમાં અલગ બાથરૂમ એક કીચન અને એક લીવીંગ રૂમ છે. એમાં ટીવીની સગવડ પણ રાખવામાં આવી છે.

## મરચાંની માંગ

ખાવાને તીખું બનાવવાવાળું મરચું એક સમયે સોનાની જેમ કિંમતી હતું. સમજુતી દીકરીનું દહેજ અને લાંચ માટે મરચાનો ઉપયોગ થતો હતો. ઈંગ્લેન્ડના પ્રિન્સ ચાર્લ્સને ડયુક ઓફ કાર્નવાલના રૂપમાં વરસે ૧૫ વસ્તુઓ આપવાની રહેતી હતી. જેમાં એક પાઉન્ડ કાળા મરી પણ સામેલ હોય છે. યુરોપ માટે કીમતી કાળા મરી જે દક્ષિણ ભારતમાં પેદા થઈ રહ્યા હતા. એની ચર્ચા યુરોપમાં હતી. વેપારી માર્ગમાં અવરોધ થવા અને પશ્ચિમ કાળા મરીનીવધતી જતી માંગના કારણે જ ફર્ડીનાન્ડ અને ઈસાબેલને કોલંબસની યાત્રા માટે ફંડ આપવા માટે પ્રેરીત કર્યા હતા. પ્રાચીનમાં રોમમાં ભાડુ ચુકવવા, દહેજ આપવા અને લાંચ સુદ્ધાં આપવા માટે કાળા મરી આપવાનું ચલણ હતું. એક ગુલામ ત્યાં કાળા મરીના બદલે પોતાની આઝાદી પાછી મેળવી શકતો હતો.

## સુશાંત સિંહ હવે ખુબસુરત સૈશા સહગલ સાથે દેખાશે

સુશાંત સિંહ રાજપુત હવે નવી અભિનેત્રી ૧૮ વર્ષીય સૈશા સહગલની સાથે કામ કરવા જઇ રહ્યો છે. ખુબ ઓછા લોકો જાણે છે કે સૈશા સહગલ વિતેલા વર્ષોમાં બોલિવુડમાં કેટલીક ફિલ્મોમાં કામ કરી ચુકેલા અભિનેતા સુમિત સહગલની પુત્રી છે. ટી-સિરિઝ દ્વારા આ ફિલ્મનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. રિતિક રોશન અને સોનમ કપુરને આવરી લઇને ધીરે ધીરે, ઇમરાન હાશ્મી અને ઇશા ગુપ્તાને આવરી લઇને મે રહુ યા ન રહુ જેવા લોકપ્રિય વિડિયો સોંગ બનાવનાર ટી-સિરિઝ દ્વારા આ ફિલ્મનુ નિર્માણ કરવામાં આવનાર છે. પ્રાપ્ત માહિતી મુજબ બન્નેની ફિલ્મને લઇને ચર્ચા શરૂ થઇ ગઇ છે. સૈશા પણ બોલિવુડમાં વધુને વધુ લોકપ્રિયતા મેળવી લેવા માટે તૈયાર છે. જો કે બોલિવુડમાં ટકી રહેવા માટે તેને ભારે મહેનત કરવી પડી શકે છે. સુમિત સહેગલે કેટલીક ફિલ્મોમાં અભિનેતા તરીકેની ભૂમિકા અદા કરી હતી. જો કે તે અભિનેતા તરી-કે મોડેથી ફ્લોપ રહ્યો હતો. સાથે સાથે આખરે બોલિવુડમાંથી ફેંકાઇ ગયો હતો. સુશાંત સિંહ પાસે કેટલીક ફિલ્મો રહેલી છે. જેમાં કૃતિ સનુન સાથેની રાબ્તા ફિલ્મનો સમાવેશ થાય છે. આ ફિલ્મનુ શુટિંગ પૂર્ણ કરી લેવામાં આવ્યુ છે. ફિલ્મના નિર્માણ બાદ અને છેલ્લી ઘડીના તમામ પ્રયાસો રજૂઆતને લઇને હાલમાં ચાલી રહ્યા છે. કૃતિ પ્રથમ સુશાંત સાથે નજરે પડનાર છે. સૈશા પણ સુશાંત સાથે કામ કરવાને લઇને આશાવાદી દેખાઇ રહી છે.


**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ............................................................

સરનામુ : .........................................................

મોકલનારની સહી : ..............................................


## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર** (કીલોના)
**ચાંદી ચોરસા ૪૨૫૦૦-૪૩૦૦૦**
રૂપુ કાચું ૪૨૫૦૦-૪૩૦૦૦
સોનુ તોલો ૨૯૭૦૦-૩૦૦૦૦
**તેલ બજાર**
રાધે પામોલીન ૧૦૦૦
પામોલીન ૯૬૦
સોયા રીફાઈન ૧૨૭૦
રાયડાતેલ ૧૫કી૧૨૩૦
સીંગતેલ૧૫ લી. ૧૬૭૦
સીંગતેલ ૧૫ કી.૧૬૮૦
સીગતેલ ૫ લી. ૫૨૦
તિરૂપતી કપા. ૧૨૫૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૪૦-૧૧૦૦
રા.રીફાઈન્ડ ૧૯૫૦
કોપરેલ ૧૫ કિલો ૨૧૫૦
૫ કે. કોપરેલ ૮૦૦
૫લી. અંકુર સીંગતેલ ૫૨૦
**૧૫ લીટર સનફલાય ૧૨૬૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૭૦
૫ લી. ૩૯૦
૨ લી. ૧૫૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
ગેટવે પ્રીમીયમ ૮૫૦૦
ગેટ વ. રોયલ ૬૦૦૦
ગેટવે રેગ્યુલર ૫૨૦૦
ગેટવે રીઝાના ૪૪૦૦
ગેટવે એવરેડી ૩૯૦૦
ગેટવે ડેઈલી ૩૪૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૯૫૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૯૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૫૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૬૫૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૬૬૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૬૮૫૦
ઈ.ગેટતીબાર ૧ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૬૯૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૬૨૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૬૪૫૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૬૫૦૦
દુન પ્રીમીયમ ૭૨૦૦
દુન તીબાર ૨૫ કી.૬૬૦૦
દુન તીબાર ૧૦ કી.૭૦૦૦
દુન તીબાર ૫ કી. ૭૩૫૦
દુન તીબાર ૧ કી. ૭૪૦૦
હાથી ૧૧૨૧ ૬૮૦૦
બેસ્ટ પ્રીમીયમ ૭૫૦૦
નર્મદા મગ પોલીસ ૬૧૦૦
મગદાળ નર્મદા સુપર ૫૮૦૦
નર્મદા મગ મોગર ૬૫૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૫૦૦
નર્મદા અડદદાળ ૯૦૦૦
અડદદાળ નર્મદા પ્રી. ૮૬૦૦
દુન દેહરાદુન દુબાર જુના ૬૫૦૦
દુન દહેરાદૂન મીની દુબારજુના ૪૫૦૦
દુન દહેરાદૂન સુ.મો.જુના ૪૫૦૦
દુન દહેરાદૂન મી.મો.જુના ૩૮૦૦
દુન કણકી જુની ૩૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૩૦૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૦૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૫૮૦૦
હાથી ૮૧૭ આખા નવા ૬૫૦૦
હાથી૮૧૭ નવા દુબાર પાંણાં ૫૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૮૫૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૧૦૫૦૦
તુવરદાળ ખીડીયાર ૭૨૦૦
દાવત સીલેકટનવા ૮૮૦૦
દાવત સુપર જુના ૯૮૦૦
દાવત દીલખુશ નવા ૭૫૦૦
દાવત દીલખુશ જુના ૬૫૦૦
દાવત દુબાર જુના ૬૦૦૦
દાવત રોઝાના જુના ૫૫૦૦
દાવત ૭૦ જુના ૪૧૦૦
દાવત ૬૦ મીની જુના ૩૨૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૮૫૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૬૫૦૦
લાલ કિલ્લો દુબાર ૫૨૦૦
લાલ કિલ્લો મોગરો ૪૨૨૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૮૦૦૦
હેરીટેજ તીબાર ૬૫૦૦
હેરીટેજ દુબાર ૫૦૦૦
હેરીટેજ મીની દુબા ૪૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૫૬૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૨૮૦૦
ચણાદાળ ૪૪૪ ૮૮૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૮૦૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૮૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૭૪૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૯૦૦-૪૧૦૦**
**ખાંડ એમ. ૪૧૫૦**
ખાંડએલ. ૪૧૫૦-૪૨૦૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર**
દાણ ૭૦ કી.ગ્રા. ૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૫૦
જીરાળુ ૧૯૦૦-૨૦૦૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૫૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૬૦૦
**પરચુરણ**
સોજી ૮૬૦
મેંદો ૮૬૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૫૦-૨૪૦
સાકરીયા ૪૫૦૦
ખાંડ બુરૂ ૪૨૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૯૪
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૨૦-૧૬૦
લસણ ૧૨૦૦-૧૩૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૨૦૦-૨૪૦
લીંબુ ૬૦૦-૭૦૦
અડવી પત્તા ૨૦૦-૪૦૦
આદુ ૫૦૦-૬૦૦
રીંગણ ૨૦૦-૩૦૦
ટામેટા ૧૬૦-૨૪૦
ભીંડા ૬૦૦-૭૦૦
કોબી ૧૦૦-૧૪૦
વટાણા ૨૬૦-૩૦૦
ટીંડસા ૪૦૦-૬૦૦
ગવાર ૧૦૦૦-૧૩૦૦
બાદશાહ બટાકા ૧૦૦-૧૩૦
સાંગા બટાકા ૭૦-૧૦૦
ફુલાવર ૧૨૦-૨૦૦
ચોળી ૪૫૦-૮૦૦
લીલું લસણ ૬૦૦-૭૦૦
લીલા ચણા ૬૦૦-૬૫૦

રખેવાળ



લોર્ડ ક્રિષ્ના સ્કૂલ સાયન્સ ખાતે યોજાયેલ અતુલ્ય ભારત વાર્ષિકોત્સવ વીરશહિદોના લાભાર્થે યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા રાષ્ટ્રપ્રેમને લગતી અનેક કૃતિઓ સુંદર રીતે રજૂ કરાઈ. શાળા પરિવાર અને વાલી દ્વારા રૂપિયા ૧,૦૫,૦૦૦ (એક લાખ પાંચ હજાર પૂરા)નો ફાળો એકત્રિત કરીને રાષ્ટ્રપ્રેમની ભાવના વ્યક્ત કરાઈ હતી. અધ્યક્ષ તરીકે રણછોડભાઈ રબારી (ધારાસભ્ય) ઉપસ્થિત રહ્યા હતા.

## રાધનપુર કોલેજમાં દિક્ષાંત સમારોહ યોજાયો



કમલ ચક્રવર્તી

(પ્રતિ.) રાધનપુર

રાધનપુરમાં હિંમત વિદ્યાનગર સ્થિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં બી.એ.બી.કોમ. સેમ. ૬ અને એમ.એ.એમ.કોમ સેમ.૪ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ અને શિલ્ડ વિતરણ કાર્યક્રમ યોજાઈ ગયો. સંસ્થાના પ્રમુખ ડૉ.મહેશભાઈ મુલાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમનાં વકતા થરા કોલેજના પૂર્વ આચાર્ય ડૉ.હેમરાજભાઈ પટેલ અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ.પંકજભાઈ પટેલે વિદ્યાર્થીઓને કારકિર્દી માટે ઉપયોગી વ્યાખ્યાન આપ્યું હતું. જયારે કોલેજના પ્રિન્સીપાલ ડૉ.સી.એમ. ઠકકરે આવકાર પ્રવચન અને ડૉ.ભરતભાઈ કાનાબારે આભાર દર્શન કર્યુ હતું. આ કાર્યક્રમમાં અભ્યાસમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ૧ થી ૩ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગીત, એક પાત્રિય અભિનય, માઈમ મિમિક્રી, વકતૃત્વ, રંગોલી, ચિત્ર સ્પર્ધા, વિવેકાનંદ સ્ટડી સેન્ટર, નિબંધ સ્પર્ધા તેમજ સ્પોર્ટસમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને શિલ્ડ અને ઈનામ વિતરણ કરાયા હતા. વિદાય લેતા વિદ્યાર્થીઓએ પોતાની સંવેદના વ્યકત કરીને કોલેજ સાથે કાયમી સંબંધ રાખવાની ભાવના વ્યકત કરી હતી.

## શ્રી બી.ડી.એસ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી એસોસીએશન દ્વારા ટ્રેડકીંગનું આયોજન

પાટણ

શ્રી.બી.ડી. એસ. વિદ્યાલયના ૧૧૧ વિદ્યાર્થીઓનો ટ્રેકીંગ કાર્યક્રમ લોકનિકેતન સંસ્થા સેબલપણી મુકામે ટ્રેકીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થી એશોસીએશનના પ્રમુખ ચીનુભાઈ શાહના માર્ગદર્શનથી આ ટ્રેકીંગ પ્રોગ્રામ ગોઠવાયો હતો શાળાના આચાર્ય ડો. બી.આર.દેસાઈ અને વ્યાયામ શિક્ષક પી.ડી.ઝાલા દ્વારા બાલારામ, સેબલપાણી અને અંબાજી સ્થળોની મુલાકાત ગોઠવી સાહસ, સંગભાવના તેમજ પ્રકૃતિથી નજીક જઈને જીવનના ગુણોને વિકાસ કરવા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું સેબલપાણી સરપંચના વડા કિરણભાઈ દ્વારા સુંદર આયોજન ગોઠવવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની સફળતા માટે સ્ટાફમિત્રો તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી એ.સો.નો શાળાના આચાર્યએ આભાર વ્યક્ત કર્યો હતો.

## વિવિધ બજાર ભાવ

**ડીસા**
ઘઉં ૩૨૦-૩૩૮
બાજરી ૩૧૦-૩૩૨
એરંડા ૭૫૦-૭૬૬
રાયડો ૬૪૧-૬૪૮
અડદ ૮૦૧
ગવાર ૬૫૮-૭૦૨
રાજગરો ૭૦૦-૮૧૫
મગફળી ૬૫૧-૮૮૧

**ભીલડી**
એરંડા ૭૬૦-૭૭૦
રાયડો ૬૨૫-૬૬૫
બાજરી ૨૭૫-૨૯૫
ગવાર ૬૬૬-૭૦૧
રાજગરો ૬૭૦-૭૭૦
તલ ૧૨૪૧
અડદ ૯૦૦
મગ ૮૭૧

**પાલનપુર**
ઘઉં ૩૧૦-૩૮૮
જુવાર ૪૧૯-૪૨૦
બાજરી ૨૭૦-૩૦૭
ગવાર ૬૬૦-૭૦૦
એરંડા ૭૩૦-૭૭૮
રાજગરો ૬૮૦-૭૯૫
રાયડો ૬૦૧-૬૮૧

**વડગામ**
એરંડા ૭૫૩-૭૬૫

રાયડો ૬૧૨-૬૬૦
રાજગરો ૬૭૦-૭૫૬
ગવાર ૬૭૫-૭૦૦
અડદ ૮૮૧

**ધાનેરા**
એરંડા ૭૨૧-૭૭૧
રાયડો ૬૧૦-૬૮૯
બાજરી ૨૭૭-૩૧૫
મેથી ૫૫૬
તલ ૧૨૮૯-૧૩૨૪
રાજગરો ૬૪૨-૭૬૯
જીરૂ ૨૫૦૦-૩૦૫૧
સરસવ ૬૭૧-૭૪૪

**લાખણી**
એરંડા ૭૬૦-૭૭૪
રાયડો ૬૩૦-૬૭૭
ગવાર ૬૩૫-૭૧૫
રાજગરો ૬૭૦-૭૪૪

**થરાદ**
એરંડા ૭૫૨-૭૭૦
રાયડો ૬૩૦-૭૦૫
જીરૂ ૨૫૦૦-૩૨૦૦
તલ ૯૧૫-૧૨૦૦
મગ ૭૦૦-૭૮૯
બીજડા ૮૮૦-૯૫૧
ગવાર ૬૬૦-૭૦૦
મઠ ૫૦૦-૫૨૦
મેથી ૬૦૦-૬૨૦

**રાહ**
એરંડા ૭૬૫-૭૭૦
રાયડો ૬૭૫-૬૮૫
બાજરી ૨૮૦-૩૦૫

**સિદ્ધપુર**
રાયડો ૫૫૮-૭૦૦
એરંડા ૭૩૦-૭૭૭
અડદ ૮૦૦-૧૦૦૧
ગવાર ૬૮૨-૭૦૧
ઘઉં ૩૧૫-૪૪૦
બાજરી ૨૪૦-૩૦૦
જુવાર ૩૧૩-૪૩૮
કપાસ ૯૦૦-૧૧૬૭

**પાટણ**
જીરૂ ૨૪૦૦-૩૧૯૯
વરી. ૧૦૦૦-૧૬૧૧
મેથી ૫૦૦-૬૨૦
સુવા ૧૭૫૨
રાયડો ૬૨૫-૭૦૦
એરંડા ૭૫૧-૭૭૭
ગવાર ૬૪૦-૭૦૩
ઘઉં ૩૦૦-૪૦૦
બાજરી ૨૭૦-૨૯૭
બંટી ૩૬૫-૪૧૯
રજકા બા.૩૦૫-૩૧૬
અડદ ૮૫૦-૧૦૧૯
તલ ૧૧૨૧-૧૨૭૬
કપાસ ૮૫૦-૧૦૧૯
જુવાર ૪૦૦-૪૭૬

## ઊંઝા બસ સ્ટેન્ડમાંથી રૂા.૧૦૦ ના દરની ૩૬૦૦ બનાવટી નોટો સાથે ૩ શખ્સની ધરપકડ

ઊંઝા

ગઈરાત્રે ઉંઝા એસ.ટી.બસ સ્ટેશનમાંથી ત્રણ શખ્સોને પોલીસે ઝડપી લઈ ૧૦૦ ના દરની ૩૬૦૦ રૂપિયાની બનાવટી નોટો ૪૭૧૦ ની રોકડ રકમ સહિત કુલ ૧૧,૫૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

વિગત એવી છે કે, ગઈરાત્રે ઊંઝા એસ.ટી. બસ સ્ટેશનમાં કેટલાક અજાણ્યા શખ્સો ૧૦૦ ના દરની બનાવટી નોટો ખરી નોટો તરીકે ચલણમાં મૂકવાનો પ્રયત્ન કરી રહ્યા હોવાની પોલીસને જાણ થતાં પોલીસ બસ સ્ટેશનમાં પહોંચી હતી. અને ત્રણ શખ્સોને ઝડપી લીધા હતા. બાદ સઘન પુછપરછ અને અંગઝડતી કરતાં તેઓની પાસેથી ૧૦૦ ના દરની ૩૬૦૦ ની બનાવટી નોટો ૪૭૧૦ ની રોકડ રકમ સહિત કુલ રૂપિયા ૧૧,૫૦૦ ની મત્તા મળી આવતાં કબજે કરી હતી.

આ અંગે ઊંઝા પોલીસે પ્રજાપતિ શૈલેષ રણછોડભાઈ રહે.ઝુંડાલ તા.જિ.ગાંધીનગર, સોની રણજીત સેંવતીલાલ રહે.બાલાજી બંગ્લોઝ પાટણ અને રવાબાપુ રહે.દરગાહ પાસે ઉનાવા તા.ઉંઝા વિરૂધ્ધ ભારતીય બનાવટની ખોટી નોટો છાપી ભારતીય અર્થતંત્રમાં ખરી નોટો તરીકે ચલણમાં મૂકવા અંગેનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આમાં મુખ્ય સુત્રધાર તરીકે ઉનાવાના રવાબાપુ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

૧૦૦ ના દરની પકડાયેલ બનાવટી નોટોના આરોપસર પકડાયેલ ત્રણેય શખ્સો જુદા જુદા જિલ્લાઓના છે. આ ત્રણેય શખ્સો એક બીજાના સંપર્કમાં કેવી રીતે આવ્યા ? તેઓની સાથે બીજા ઈસમો સંડોવાયેલ છે કેમ ? તેમજ બનાવટી નોટો પ્રકરણમાં મુખ્ય સૂત્રધાર મનાતા રવાબાપુ ક્યારથી આ ગેરકાયદે ગંભીર પ્રકારના ગુનાહિત પ્રવૃત્તિ આચરી રહ્યા છે ? તે ઝીણવટભરી તપાસ માગી લે તેમ છે.

ઉપરોક્ત ગુનામાં પકડાયેલા રવાબાપુ ઉનાવા દરગાહ વિસ્તારમાં રહેતા હોવાનું બહાર આવ્યું છે. ત્યારે દરગાહ નજીકમાં જ છેલ્લા દોઢ વર્ષ ઉપરાંતથી ઉનાવા પોલીસ મથક કાર્યરત થવા છતાં આવી ગંભીર પ્રકારની ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતા શખ્સોની પોલીસને ખબર સુધ્ધાં પડી નથી. તે બાબત તંત્રની ફરજ પ્રત્યેની ઘોર બેદરકારી છતી થઈ હોવાનું માલૂમ પડેલ છે.

## વિચરતી જાતિઓના પુનઃ સ્થાપન માટે પ્રવૃત્ત મિત્તલ પટેલનું 'ધરતીરત્ન' થી બહુમાન

ચાણસ્મા

બેચરાજી તાલુકાના શંખલપુર ગામના વતની અને વિચરતી વિમુકત જાતિઓના પુનઃ સ્થાપન માટે પ્રવૃત્ત રહેલાં મિત્તલ પટેલને તાજેતરમાં અમદાવાદના આશીર્વાદ એજયુકેશન ટ્રસ્ટ દ્વારા 'ધરતીરત્ન' એવોર્ડથી સન્માનિત કરાયાં હતા. ઉલ્લેખનીય છે કે, ટ્રસ્ટ માનવસેવા ક્ષેત્રે બહુવિધ પ્રદાન કરનારા કુલ ૧૧ વ્યકિતઓને આ ગૌરવપૂર્ણ એવોર્ડથી સન્માનિત કરાયાં હતા.

જેમનું કોઈ સરનામું નથી તેવા નટ બજાણિયા, ભવાયા, સરાણિયા, વાંસફોડીયા, ઓડ, લાલવાદી, ફૂલવાદી સહિતની ૧૦૦ થી વધુ જાતિઓના પુનઃ સ્થાપન માટે કાર્યરત મિત્તલબેન પટેલ દ્વારા ઉભી કરાયેલી સ્વૈચ્છિક સંસ્થા વિચરતા સમુદાય સમર્થન મંચ દ્વારા અત્યાર સુધીમાં રખડતું ભટકતું જીવન ગુજારતા આવા પરિવારો પૈકી ૩૦ હજારથી લોકોને ચૂંટણીકાર્ડ અપાવ્યાં છે. સ્વરોજગાર માટે આ જાતિના પરિવારોને પોણા બે કરોડથી વધુની લોન આપવામાં આવી છે. જેનું એકપણ રૂપિયો વ્યાજ લેવામાં આવતું નથી. ૩૦ થી વધુ શાળાઓમાં ૧૦૦૦ થી વધુ ભૂલકાંઓને શિક્ષણ આપવામાં આવે છે, તો ૩૫૦ થી વધુ બાળકોને હોસ્ટેલમાં રાખી ભણાવવામાં આવે છે. મિત્તલબેન પટેલ દ્વારા કરાયેલા કાર્યોમાં સૌથી મહત્વનું કાર્ય દેહ વ્યાપારમાં ફસાયેલા વાડીયા ગામના ઉધ્ધારનો પણ સમાવેશ થાય છે. આ ગામની એવી પરંપરા છે કે દિકરીની સગાઈ કે લગ્ન કરવામાં આવે તો તેને દેહ વ્યાપારમાં ધકેલવામાં આવતી નથી. આ પરંપરાનો ફાયદો ઉઠાવી



ગામની ૮ દિકરીઓનાં લગ્ન અને ૧૨ દિકરીઓની સગાઈ કરાવી તેમને આ બદનામ વ્યવસાયમાં જતાં અટકાવી હતી. આવી અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓની નોંધ લઈ આ ટ્રસ્ટ દ્વારા 'ધરતી રત્ન' એવોર્ડથી રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલા એક કાર્યક્રમમાં બહુમાન કરવામાં આવ્યું હતું. નોંધનીય છે કે, મિત્તલ પટેલને આ અગાઉ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા 'રિયલ હિરો', દૂરદર્શન ગિરનાર દ્વારા દ્વિતીય ગિરનાર શિરોમણી પુરસ્કાર, જાયન્ટ્સ ગૃપ દ્વારા સેવા એવોર્ડ, સેવા જયોતિ એવોર્ડ સહિતનાં સન્માન મળ્યાં છે.

## મહેસાણા જીઆઈડીસીની કંપનીમાં ડિરેક્ટર બનાવવાની લાલચ આપી ૨.૯૫ કરોડની ઠગાઈ

મહેસાણા

મહેસાણા જીઆઈડીસીમાં આવેલી કંપનીમાં ડિરેક્ટર બનાવવાની લાલચ આપી રોકાણ કરાવી રૂ.૨.૯૫ કરોડ લીધા બાદ પરત ન કરી છેતરપિંડી મામલે ૫ વ્યક્તિઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવાઈ છે.

અમદાવાદના વેપારી મેઘદૂત હિરાલાલ પટેલ દેદિયાસણ જીઆઈડીસી સથિત એ, બી એન્ડ સી એનર્જી ઈન્ફ્રા પ્રા.લિ.ના ભાઈલાલ મોહનદાસ પટેલ તથા તેમના પુત્ર ગૌતમભાઈના પરિચયમાં હોઈ તેમણે કંપનીના ડિરેક્ટર બનાવવાની લાલચ આપી હતી. આથી તેમણે ચેક અને રોકડ મળી કુલ રૂ.૨.૯૫ કરોડનું રોકાણ કર્યુ હતું. પરંતુ ડિરેક્ટર પણ નહોતા બનાવ્યા કે કંપનીના હસિાબો પણ નહોતા બનાવ્યા અને બધુ બરાબર છે તમને તમારો નફો મળી જશે તેવું આશ્વાસન આપતા હતા.

છેવટે પૈસા પાછા લેવા ઉઘરાણી કરતાં તેમને ધમકીઓ આપતા હોવાના આક્ષેપ સાથે મેઘદૂતે એ, બી એન્ડ સી એનર્જી ઈન્ફ્રા પ્રા.લિ. કંપનીના પટેલ ગૌતમભાઈ ભાઈલાલભાઈ, પટેલ અશ્વિનભાઈ જયંતિભાઈ, જયંતિભાઈ જે. પટેલ, ભાઈલાલભાઈ મોહનદાસ તથા પટેલ લાભુબેન અશ્વિનભાઈ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## પાટણમાં જુગારધામ પર વિજિલન્સની રેડ, ૧૮ જુગારી પકડ્યા, ૬૯ ભાગી ગયા

પાટણ

પાટણ શહેરના જનતા રોડ પર પંચરત્ન કોમ્પલેક્ષના બીજા માળે ચાલતા જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે બાતમી આધારે શુક્રવારે સાંજે છાપો મારતાં જુગાર રમતા ૧૮ શકુનીઓને રૂ.૪૧૦૦૦ રોકડ સાથે પકડી પાડ્યા હતા. દરમ્યાન દોડધામ મચી જતાં મોટી સંખ્યામાં શકુનીઓ ભાગી છૂટ્યા હતા. જેમાં અંદાજે ૬૯ જેટલા લોકો ભાગી છૂટ્યા હોવાનું પોલીસસુત્રોએ જણાવ્યું હતું. વિજિલન્સ ટીમે ત્રાટકીને સ્થાનીક પોલીસની પોલ ખુલ્લી પાડી દીધી હતી. જેન લઈ શનિવારે સ્થાનીક પોલીસ હરકતમાં આવી દોડતી થઈ હતી.જો કે વિજિલન્સના છાપામાં પણ ૬૯ જેટલા શકુનીઓ પોલીસને ચકમો આપીને છટકી ગયા હતા.

શહેરના પંચરત્ન કોમ્પ્લેક્ષમાં બીજા માળે આવેલ રૂમોમાં અને ગેલેરીમાં મેમદપુરનો દશરથજી હજુરજી ઠાકોર, પાટણનો મોહબ્બતસિંહ ઠાકોર અને સરખેજનો ઈમરાન જાબુવાળા તેમના ભાડૂતી માણસો રાખીને જુગાર રમાડતા હોવાની ગાંધીનગર સ્ટેટ મોનીટરીંગ સેલને બાતમી મળતાં શુક્રવારે મોડી સાંજે પીઆઈ વી.એલ.પટેલની આગેવાની હેઠળ ટીમે દરોડો પાડતાં ૧૮ શકુનીઓ પકડાઈ ગયા હતા.જો કે, પોલીસ આવ્યાની ભનક લાગતાં જ નાસભાગ મચી હતી. જેમાં પકડાયેલાની પુછપરછ આધારે ૬૯ જેટલા લોકો ભાગી છૂટ્યા હતા તેવું જણાયું હતું. પકડાયેલા શખ્સો પાસેથી રૂ.૪૧,૫૭૦ રોકડ અને ૨૧ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫૨,૫૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે બી ડીવીઝન પોલીસ મથકે સ્ટેટ મોનીટરીંગ સેલના એચસી મહાવીરસિંહ બળવંતસિંહે કાયદેસર કાર્યવાહી કરી હતી.

આ અંગે એએસઆઈ રમેશભાઈએ જણાવ્યુ કે જુગારધામમાં વરલી મટકા અને પત્તા પાના સહીત જુદા જુદા પ્રકારનો જુગાર રમાતો હતો. પકડાયેલા શખ્સોના નિવેદનો લેવાના તેમજ ફીંગરપ્રિન્ટ અને ફોટોસેશનની કાર્યવાહી શનિવારે બપોર પછી પણ ચાલુ રહી હતી. રેડ કરનાર પીઆઈ વી.એલ.પટેલે જણાવ્યું કે તેઓની સાથે દશેક માણસોનો સ્ટાફ હતો અને જુગારીઓ ગેલેરીમાં રમતા હતા તેઓ પોલીસની ગાડી જોઈને કેટલાક રોડ પરથી ભાગ્યા હતા તો કેટલાક માર્કેટની અંદર થઈને નાસી છૂટ્યા હતા.

## રાધનપુર પાલિકામાં અસંતોષનો ઉકળતો ચરૂ : વિવાદોના વંટોળ

### ભાજપના પ્રભારીએ સંગઠનને મજબુત કરવા કાર્યવાહી આરંભી

રાધનપુર

રાધનપુર પાલિકાના મહિલા કોર્પોરેટરને સેનેટરી ઈન્સ્પેકટરે પાંચ હજારની લાંચ લેતા રંગે હાથ ઝડપાવી દીધા બાદ ભાજપના તમામ કોર્પોરેટરોમાં અસંતોષનો ચરૂ ઉકળી રહ્યો છે. અને સોશિયલ મિડિયા દ્વારા તેમજ અંદર ખાને એકબીજા ઉપર આક્ષેપપરૂપી કિચડ ઉડાડીને ખુદ ભાજપની જ ઈજ્જત ધુળ ધાણી કરી રહ્યા છે. જો કે રાજસ્થાનથી ખાસ પ્રભારી તરીકે મૂકાયેલા શ્રવણ કુમાર સામે પણ બેઠકમાં આ મામલો સામે આવ્યો હતો. અને આક્ષેપબાજી થવા પામી હતી. પ્રભારીએ કડક શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું હતું કે પક્ષના હિતમાં કામ કરો નહી તો ચાલતી પકડો એ મુદ્દો પણ કાર્યકરો, કોર્પોરેટરોમાં ચર્ચાસ્પદ બન્યો હતો.

મહિલા કોર્પોરેટર લાંચ લેતા ઝડપાઈ ગયા બાદ સેનેટરી ઈન્સ્પેકટર પ્રશાંત સોની દ્વારા મોબાઈલમાં રેકર્ડ થયેલ વાતચીતના ત્રણ ભાગો સોશિયલ મિડીયા ઉપર ફરતાં થઈ જતા અમુક કોર્પોરેટરો ધુવાપુવા છે. અને એકબીજા ઉપર આક્ષેપ કરી રહ્યા છે. જો કે શહેર ભાજપ દ્વારા પક્ષમાં આવો ફીટકાર વરસાવવા લાયક વિવાદ ચાલતો હોવા છતાં કોઈ જ પગલાં ભરાયાના હોવાથી ખુદ પક્ષની જ ઈજ્જત ધૂળધાણી થઈ રહી છે.

#### સ્થાનિક મામલો છે

રાજસ્થાનથી પ્રભારી તરીકે મુકાયેલા શ્રવણકુમારે ટેલિફોનિક સંપર્કમાં જણાવ્યું હતું કે સંગઠનને મજબુત કરવા માટે મને મુકાયેલ છે અને બુધવારથી શહેરના અલગ-અલગ વોર્ડમાં કાર્યકરોની બેઠકો બોલાવીને જે કાંઈ સમસ્યા હશે તે હલ કરવામાં આવશે પાલિકાના વિવાદનો મામલો સ્થાનિક લેવલનો છે. અને પ્રદેશ ભાજપ તેમજ લોકલ અગ્રણીઓ મળીને ઉકેલ લાવશે

#### કર્મચારીને છૂટો કરવા રજૂઆત

પાલિકામાં હંગામી ધોરણે ૧૧ માસ માટે ભરતભાઈ ચૌધરીને ઈજનેર તરીકે કરારથી નોકરીમાં રાખવામાં આપેલ જેમની સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોઈ કોર્પોરેટર ઉમેશકુમાર ઠક્કર દ્વારા ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરીને છુટા કરવા જણાવ્યું છે. મુદત વિતી જવા છતાં તેઓ વિવિધ રેકર્ડમાં પોતાની સહીઓ કરતાં હોવાથી તમામ રેકર્ડ લઈ લેવા જણાવેલ છે. આવા હંગામી કર્મચારીને રોડ બનાવવાનું અને ટેન્ડર બહાર પાડવાનું મહત્વનું કામ સોંપી શકાય નહી.

## મોડાસામાં બંધ મકાનમાંથી ૬૧ તોલા સોના સાથે ૧૩.૮૫ લાખની ઘરફોડ ચોરી

મોડાસા

મોડાસાના કરસનપુરા કંપાના એક બંધ મકાનના તાળા તસ્કરોએ એકસો બ્લેડથી કાપી નાખી ઘરમાં ઘૂસી તીજોરી-કબાટના લોકર તોડી ૬૧ તોલા સોનાના દાગીના અને ૧.૬૫ લાખની રોકડ સહીત રૂપિયા ૧૩,૮૫,૦૦૦ ની મત્તાની ચોરી કરતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી હતી. ઘટનાને પગલે પોલીસ વિભાગના અધિકારીઓ સહીત એફએસએલ અને ડોગ સ્કોર્ડની ટીમો ઘટના સ્થળે ઉતારી તપાસ હાથ ધરાઈ હતી.

મોડાસા-ઈટાડી માર્ગ ઉપરના આવેલા કરસનપુરાંપા ગામે તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી ઘરના મુખ્ય દરવાજાથી માંડી જાળી સહિતના તાળા એકસોબ્લેડથી કાપી બેડરૂમમાં તીજોરીનું લોકર તોડી અંદર રખાયેલા ૬૧ તોલા સોનાના દાગીના રૂપિયા ૧,૬૫,૦૦૦/- ભરેલી બેગ સહિત કુલ રૂપિયા ૧૩,૮૫,૦૦૦ની મત્તાની ચોરી કરી લેતાં જ સમગ્ર પંથક ફફડાટ ફેલાયો હતો.

પેટલાદના માણેજ ગામે જૈન મંદિરની પ્રતિષ્ઠામાં જઈ પરત આવેલા કંપાના વતની અને નવી મુંબઈમાં કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા પ્રવીણભાઈ લાલજીભાઈ પટેલને ઘરમાં રખાયેલા દીકરીના તેમજ પત્નીના સોનાના દાગીના અને રોકડ ચોરાઈ ગઈ હોવાનું જણાઈ આવતાં જ મોડાસા રૂરલ પોલીસને જાણ કરાતાં જ પોસઈ ચૌહાણે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૫૪, ૫૪૭ અને ૩૮૦ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

## વિસનગરમાં મોટા અવાજે વાતો કરવાની ના પાડતા વિદ્યાર્થીની ઉપર હુમલો

મહેસાણા

વિસનગરમાં ધો.૧૨ ની પરીક્ષાની તૈયારી કરી રહેલ વિદ્યાર્થીની તેનો અભ્યાસક્રમ વાંચી રહી હતી ત્યારે બે યુવાનો ખુબ જ મોટા અવાજથી વાતો કરી રહ્યા હતા. ત્યારે વિદ્યાર્થીનીએ મોટા અવો વાતો કરવાની ના પાડતાં બે જણાએ વિદ્યાર્થીનીને માર માર્યો હતો.

જાણવા મુજબ વિસનગરના ફતેહ દરવાજા ખાતે રહેતા રિધ્ધીબેન અશ્વિનભાઈ પટેલ ગત શનિવારે વિસનગર શહેર પોલીસ મથકે બે ઈસમો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર રિધ્ધીબેન પટેલ ધો.૧૨ ની પરીક્ષા નજીક હોઈ તેની તૈયારીમાં હતી ત્યારે રૂગનાથ શંકરભાઈ પટેલ અને દિનેશ પટેલ ખુબ જ ઉતાવળે વાતો કરતા હતા. જેથી રિધ્ધીબેને બંનેને ઉતાવળે વાતો ન કરવા ઠપકો આપતાં બંને યુવાનોએ ઉશ્કેરાઈને રિધ્ધીબેનને લોખંડની પટ્ટીથી માર માર્યો હતો. જેની તપાસ પોલીસ ચલાવી રહી છે.

## બેચરાજીમાં ગ્રામ્ય વિસ્તારની બસો બંધ કરાતા મુસાફરોમાં રોષ

ચાણસ્મા

યાત્રાધામ બેચરાજી ડેપો દ્વારા કંડકટર - ડ્રાઈવરની ઘટ તેમજ કર્મચારીઓનો ઓવરટાઈમ બંધ કરવાના કારણે ડેપો દ્વારા રોજબરોજ ગ્રામ્ય વિસ્તારની આશરે ૫ થી ૬ જેટલી ટ્રીપ બંધ કરવામાં આવતાં મુસાફરો એસ.ટી. તંત્ર પ્રત્યે લાલઘૂમ છે. આ અંગે ડેપો મેનેજર બેચરાજીને રજૂઆત કરવામાં આવતાં તેઓએ ડેપોમાં ફરજ બજાવતા કર્મચારીઓની ઘટ અને કર્મચારીઓના સામાજિક પ્રસંગે રજા આપવાની થતી હોઈ તંત્રને નાછૂટકે રૂટ બંધ કરવાની ફરજ પડે છે તેવો લૂલો બચાવ કર્યો હતો.

બેચરાજી યાત્રાધામ છે અને અહીં વેપારી મથક હોઈ આજુબાજુના ૫૦ કરતાં વધારે ગામોના લોકો અત્રે ખરીદી માટે આવે છે. છેલ્લા એકાદ વર્ષથી કાયમી ડેપો મેનેજરની જગ્યા આલી હોવાના કારણે અહીં ફરજ બજાવતા હેડ મિકેનીક ઈન્ચાર્જ ડેપો મેનેજર તરીકે ફરજ બજાવે છે. છેલ્લા કેટલાય સમયથી જુદા જુદા બહાના નીચે ગ્રામ્ય વિસ્તારની રૂટ બંધ કરવામાં આવે છે. અહીં એસ.ટી.ના જુદા જુદા ત્રણ યુનિયનના હોદ્દેદારો ફરજ પરના કંડકટર - ડ્રાઈવરને પોતાનું હિત હોય અને સગવડ મળી રહે તેવા રૂટ પર ફરજ પર મોકલે છે. પરિણામે તેમને અપડાઉન માટેની સગવડ મળી રહી છે.

પરંતુ અંતરિયાળ ગામોના રૂટ કે જે એસ.ટી. તંત્રને વધુ નફો કરી આપે છે તેવા રૂટને બંધ રાખવા પાછળ સ્થાનિક ડેપો મેનેજરનું કયું ગણિત કામ કરી રહ્યું છે. તે સમજાતું નથી. કર્મચારીઓની પાસેથી કામ લેવામાં યુનિયનની દાદાગીરી સામે ફરજ પરના અધિકારીઓ શિક્ષાત્મક પગલાં લેવાનું ટાળી રહ્યાં છે. પરિણામે અહીંના ડેપોની આવકમાં દિન પ્રતિદિન ઘટાડો થતો હોવાનું જાણવા મળે છે.

બેચરાજી ડેપો સંચાલિત બેચરાજીથી બપોરના ૧૪ કલાકે ઉપડી વાયા બલોલ - મહેસાણા તેમજ મહેસાણાથી ૧૫-૩૦ કલાકે વાયા મોઢેરા - સાપાવાડાની બસ પુરતું ટ્રાફિક મળતું હોવા છતાં છાશવારે બંધ કરતા અહીંના એસ.ટી. તંત્રના અધિકારીઓને કોઠે પડી ગયું છે. ગમે તે કારણોસર મુખ્ય રસ્તાની બસ રદ કરવામાં આવે તો મુસાફરોને ખાનગી વાહનો મળી રહેતા હોય છે પરંતુ ગામડાની બસ ના હોવાને કારણે મુસાફરો રખડી પડતા હોઈ આ બસ નિયમિત ચલાવવામાં આવે તેવી માંગણી છે.